વર્ષ : ૪૧ ❖ અંક : ૭
જુલાઈ - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



સં. ૧૯૪૩માં મુંબઈ મુકામે ૧૯ વર્ષની વયે
**શ્રીમદ્જીએ કરેલા શતાવધાનના પ્રયોગો**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org



**સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ દરમિયાનની તસવીરો (અષાઢી બીજ)**



**સંસ્થા દ્વારા શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કોબાને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની મૂર્તિની અર્પણ વેળાએ** (તા. ૨૩-૬-૨૦૧૭)





**બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈના ૭૫મા અમૃત મહોત્સવ વેળાએ** (તા. ૭-૬-૨૦૧૭)



**શ્રીમતી ઉષાબેન નલીનભાઈ કોઠારીની રાજકુટિરમાં પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપના વેળાએ** (તા. ૧૮-૬-૨૦૧૭)





# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) શ્રી ગુરુમાહાત્મ્ય ........ પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૬

(૩) અધ્યાત્મ - ઊર્ધ્વ જીવન માટેની આંતરિક સક્રિયતા .............. ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ..................... .................. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૮

(૭) શ્રાવકાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૨

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૫

(૯) આત્માની અકર્તૃત્વશક્તિ... શ્રી વલભજી હીરજી ... ૩૦

(૧૦) મોક્ષમાર્ગમાં સત્પુરુષો દીવાદાંડી સમાન છે ... .................... શ્રી ગુણવંત બરવાળિયા .... ૩૧

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩

(૧૨) જીવનદીપ - દિવાળી પુસ્તિકા .................... ૩૫

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૭



**વર્ષ : ૪૧ જુલાઈ, ૨૦૧૭ અંક - ૭**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank** : Kotak Mahindra Bank

**Branch** : Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839


**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

દરરોજ પ્રાતઃકાળની ભક્તિમાં અમે બોલીએ છીએ કે "વીતરાગનો કહેલો પરમશાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો... હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ... કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે." પરંતુ એ બધું ચાવીવાળા રમકડાંની જેમ બોલી જતા હતા. પરંતુ આજે કોણ જાણે કેમ, "હે જીવ ! કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે." એવી આપની સ્પષ્ટ ચેતવણી જેવા શબ્દો બોલતાં મનમાં જાણે ધ્રુજારી આવી ગઈ ! શું મહામહેનતે મળેલો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે ? શું અનંતકાળની રઝળપાટ ફરીથી જીવના ભાગ્યમાં લખાઈ જશે ? ના, ના, અજ્ઞાનમાં જે થયું તે થયું. હવે એવી ભૂલ કરવી નથી. અનંતકાળ તો ભાન વિના ભટક્યો, પરંતુ આ ભવમાં તો આપનો જ્ઞાનદીપક સાંપડ્યો છે તે હોવા છતાં પાછું કૂવામાં પડવું જ નથી ! હવે તો "આતમ શું રઢ મંડો રે" એ ન્યાયે જાગૃત થઈ જ જવું છે. હે પ્રભુ ! એવું અનુભવવચન સાંભળ્યું છે કે જેના જીવનમાં ગુરુકૃપાનું અમૃત પડે તેને અંધકારમાંથી ઉજાસમાં જવાની તક સાંપડે છે અને આપની કૃપાથી અમને એવો સુયોગ સાંપડ્યો પણ છે. હવે માત્ર પોતે જ જાગૃત થવાની જરૂર છે, તેથી જ પોતે પોતાને જ કહીએ છીએ –

ચેત રે હે ચેતન હવે તું, વાર ન કર હવે જાગ રે,
મંઝિલ મુક્તિની છોડીને, દૂર નહીં તું ભાગ રે. ૧

શ્વાસે શ્વાસે અંજલિ જલ પેરે, આયુષ્ય ઘટતું જાય રે,
શ્વાસે શ્વાસે યમરાજનું, આગમન સંભળાય રે. ૨

શ્વાસે શ્વાસે 'સોહમ્ સોહમ્', જાપ અજપા થાય રે,
ઓળખી લે તું નિજ આતમને, અવર ન કોઈ ઉપાય રે.૩


મહાદુર્લભ આ મનુષ્યજન્મને, સફળ કરી લે નિર્ધારીને,
વીજળીના ચમકારે ચેતન, મોતી પરોવી લે વિચારીને. ૪

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### વચનાવલી



**મુંબઈ, માહ સુદ, ૧૯૪૭**

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્‌સુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલી ગયા રૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭.[1] જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.

૮. આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.

૯. ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરીક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

૧૧. અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

૧૪. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

ઇતિ શિવમ્

• • •

**ગુરુ એવા પુલ છે કે જે આત્માનો પરમાત્મા સાથે મેળાપ કરાવે છે, ગુરુ એવા ભોમિયા છે કે જે ભવઅટવીમાં ભટકતાને પાર ઉતારે છે, ગુરુ એવી દીવાદાંડી છે કે જે ભૂલી પડેલી જીવનનૈયાને સાચી દિશા બતાવે છે, ગુરુ એવા કુશળ વૈદ્ય છે કે જે આપણો ભવરોગ મટાડી ભગવાન બનાવે છે !**

---

૧. **પાઠાંતર** : જો કે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી, આ અનાદિકાળનું ગુપ્ત તત્ત્વ સંતોના હૃદયમાં રહ્યું છે તે પાને ચઢાવ્યું છે.

# શ્રી ગુરુમાહાત્મ્ય

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



શાશ્વત આનંદની પ્રાપ્તિમાં ઉપકારક સાધનરૂપ એવા મુખ્ય ત્રણ તત્ત્વરૂપ અવલંબન પરમાત્મા, સદ્‌ગુરુદેવ અને ભગવાનની વાણી - સત્શાસ્ત્રરૂપ સત્‌ધર્મ છે. આ ત્રણ તત્ત્વોમાંથી આજે આપણે શ્રી સદ્‌ગુરુતત્ત્વ વિષે જાણીશું કે ગુરુ કેવા હોય ? તેઓ શું કરે ? વગેરે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક-૧૭૨ની સપ્તપદીમાં કહ્યું છે કે, તેમની મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતાં સદ્‌ગુરુ તે કોઈ વ્યક્તિ નથી, પરંતુ તે એક પદ છે. અનંત સદ્‌ગુરુ થઈ ગયા, વર્તમાનમાં કોઈક હોય છે અને આગળ અનંતકાળ સુધી આવા સદ્‌ગુરુ થતાં રહેશે. 'દૈનિક ભક્તિ'માં આવા સદ્‌ગુરુનું વર્ણન કરતાં દોહાઓનું સંકલન છે, જે 'શ્રી ગુરુમાહાત્મ્ય' નામે છે તેની ૩૦મી ગાથામાં કહ્યું છે,

''સમદૃષ્ટિ સદ્‌ગુરુ કિયા, મેટા ભરમ વિકાર;
જહાં દેખો તહાં એક હી, સાહિબ કા દીદાર.''

**● સમદૃષ્ટિ સદ્‌ગુરુ કિયા :**

આપણે સદ્‌ગુરુનું શરણ લીધું છે. તેમનું સ્વરૂપ જાણ્યું છે. તેમની સાથે યથાયોગ્ય વ્યવહાર કરીએ છીએ તથા અંતરમાં તેમના સાચા સ્વરૂપનું ચિંતન પણ કરીએ છીએ તો તેનાથી આપણને શું લાભ થયો ? તેમણે આપણને શું શીખવ્યું ? તો સદ્‌ગુરુ શીખવે છે કે હે ભાઈ ! તમે સમતામાં રહો, શાંતિમાં રહો. પણ આવી સમતા, શાંતિ અમારે કઈ શક્તિના માધ્યમથી રાખવી ? તેના પ્રયોગ માટેના અનેક સાધનો છે. ક્રોધાદિ, રાગાદિ ભાવોમાં ન વહેવું ઇત્યાદિ કાંઈ તુરત થશે નહીં પણ જેમ જેમ શ્રીસદ્‌ગુરુનો બોધ આપણા આત્મામાં પરિણમશે અને આપણી પાત્રતા પ્રગટશે તેમ તેમ થશે. જેટલી આપણા મૂળ સ્વરૂપ પ્રત્યેની જાગૃતિ રહેશે તેટલો વિજય મળશે. એના માટે હંમેશાં યાદ રાખવું કે,

''जो मेरा है सो जावे नहीं, और जो जावे सो मेरा नहीं ।'' આ સિદ્ધાંતવાક્ય છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન હંમેશાં મારામાં રહેવાના નથી તેથી તે મારા નથી. તે જતાં જે બાકી રહેશે તે જ મારું સાચું સ્વરૂપ છે એવી શ્રદ્ધા કરવી.

**● મેટા ભરમ વિકાર :**

'મેટા'નો અર્થ જેણે મટાડી દીધો છે. શું મટાડ્યો છે ? તો ભરમ. વિશ્વ જેવું છે તેવું આપણે જોતાં નથી અને જેવું નથી તેવું જોઈએ છીએ, માનીએ છીએ અને અનુભવીએ છીએ તેનું નામ જ ભ્રમ કે ભરમ. 'આ મારો દીકરો છે', 'આ મારો શિષ્ય છે' એમ આપણે માનીએ છીએ, પણ ભાઈ ! જેને તું મારું કહે છે તે તારું છે નહિ અને ત્રણકાળમાં તે તારું થઇ શકે એવી કોઈ વ્યવસ્થા પણ નથી. માટે તારે વિષમભાવ કરવા જોઈએ નહીં. અને ધાર્યું ન થાય તો હતાશ થવું જોઈએ નહીં. આવું શ્રી સદ્‌ગુરુદેવ શીખવાડે છે. તેઓ ક્રોધ કરતાં નથી. અભિમાન કરતાં નથી. કોઈની નિંદા કરતાં નથી. હા, તેઓ સત્યનું પ્રતિપાદન અવશ્ય કરે છે અને તેમ કરતાં અસત્યનો નિષેધ આપોઆપ થઈ જાય છે પરંતુ અસત્ય પ્રત્યે તેમને દ્વેષભાવ નથી અને જો

કથંચિત્ છે તો તે એક અલૌકિક વિદ્યા છે કારણ કે મોક્ષમાર્ગ જે છે તે કથંચિત્ નાસ્તિ સ્વરૂપ પણ છે અને કથંચિત્ અસ્તિ સ્વરૂપ પણ છે. તેમણે એવી કળા શિખવાડી છે કે જે પોતાનું છે તેને જ પોતાનું માનો અને તેનો જ પોતા રૂપ અનુભવ કરો. ભગવાન રામે અયોધ્યાને પોતાની માની જ નહોતી. તેથી જ્યારે અયોધ્યા છોડી વનમાં જવાનું થયું ત્યારે તેમને ખેદ થયો નહોતો. આખા અયોધ્યાની પ્રજા તથા કુટુંબીજન રડતા હતા, પરંતુ રામ શાંત હતા. તેઓને ભવિતવ્યતાના સિદ્ધાંતનો નિશ્ચય હતો કે,

"રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય મન લાયકે, તજીએ પરથમ ધ્યાન."

વિકાર એટલે રાગ-દ્વેષ. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા - ૧૦૦માં કહ્યું છે કે,

"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."

**● જહાં દેખો તહાં એક હી સાહિબ કા દીદાર:**

વેદાંત પરંપરામાં આ ભાવને સર્વાત્મભાવ કહે છે. ભગવાન મહાવીરસ્વામીએ પણ 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં એ જ કહ્યું છે કે તું જેને હણે છે તે તું સ્વયં જ છે. તું જેવો જીવ છે તેવો તે પણ જીવ જ છે. તેને મારો તે પહેલા હિંસાના, રાગ-દ્વેષના ભાવ કરીને તમે પોતે જ તમારા આત્માનો ઘાત કરો છો. ત્યારબાદ તે મરે કે ન મરે તે તો તેના આયુષ્યકર્મને આધીન છે. પણ તું તો મરી જ જઈશ ! જેના જીવનમાં આ વાત પ્રગટ થાય છે - અનુભવસિદ્ધ થાય છે તેનું જીવન જ એવું થઈ જાય છે કે તેને "જહાં દેખો તહં એક હી સાહિબ કા દીદાર." જેના અંતરમાં સર્વાત્મભાવ અનુભવમાં આવી જાય તે બીજાને દુઃખ આપવાનો વિકલ્પ કરતાં નથી. જ્ઞાની-ધર્માત્માઓની પણ અલગ શ્રેણીઓ છે. કોઈ થોડા જ્ઞાની છે તો કોઈ વધારે જ્ઞાની છે, પણ છે તો બધા જ્ઞાની કારણ કે તે જ્ઞાન સમીચીન, સમ્યક્ જ્ઞાન છે. જેમ ચારિત્ર વિશુદ્ધ થાય તેમ જ્ઞાન વધે છે.

"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો." અપૂર્વ.
"વર્ધમાન સમક્તિ થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ."

**– શ્રી આત્મસિદ્ધિ**

જ્ઞાન અને ચારિત્ર કથંચિત્ એક છે અને કથંચિત્ ભિન્ન છે. કારણ કે જ્ઞાન અને ચારિત્ર નામનો ગુણ આત્મામાં જ જોવા મળે છે, બીજા કોઈ દ્રવ્યમાં તે દેખાતો નથી. પુસ્તકના માધ્યમથી જ્ઞાન થઈ શકે પણ પુસ્તકમાં જ્ઞાન નથી. જો પુસ્તકમાં જ્ઞાન હોય તો પુસ્તકને સમ્યગ્દર્શન થઈ જાય અને આગળ જતાં તેનો પણ મોક્ષ થઈ જાય પણ વસ્તુનું સ્વરૂપ આવું નથી. સર્વાત્મભાવ એટલે કે દરેકમાં ભગવાન જોવાં. જોકે તે બધાં કાંઈ વર્તમાનમાં ભગવાન વ્યક્તરૂપે નથી પણ ભવિષ્યમાં ભગવાન થવાની તેમનામાં શક્તિ છે. આમ, સર્વમાં ભગવાન જોવાથી ક્રોધ પણ આવતો નથી તથા આસક્તિ પણ થતી નથી. આને વિવેકજ્ઞાન કહે છે. આમ કરવાથી વ્યક્તિગત રાગ-દ્વેષ મટી જાય છે. સંતો કહે છે કે "મોમેં રોમ તોમેં રોમ, જ્યોં દેખું ત્યોં રોમ હી રોમ."

આવું થાય તો કોના સાથે રાગ કરું ને કોના સાથે દ્વેષ કરું ? આવી દૃષ્ટિ તેમને પ્રાપ્ત થઈ જાય છે, જેથી તેઓ કોઈની સાથે રાગ-દ્વેષ કરતાં નથી. આપણી ભારતીય પરંપરામાં તો કીડી માટે કીડીયારું પુરવામાં આવે છે. પહેલી રોટલી ગાય માટે અને બીજી રોટલી કૂતરા માટે આપવામાં આવે છે. આવું

અભૂતપૂર્વ યોગદાન આપણી ભારતીય સંસ્કૃતિનું છે. આને સર્વાત્મભાવ કહે છે, જેના દ્વારા આપણા જીવનમાં જે થયું તે ઠીક થયું, સમતાની, શાંતિની, તટસ્થભાવની વૃદ્ધિ થાય છે અને આ જ મોક્ષમાર્ગ છે. આવો સમતાભાવ પ્રાપ્ત કરવામાં જેમનો બોધ, ચારિત્ર અમને ઘણો ઉપકારી થયો એવા હે ગુરુદેવ ! આપની હું ઘણી પ્રશંસા કરીને શ્રદ્ધા કરીને આગળ પણ આપના બતાવેલ માર્ગ ઉપર હું આગળ વધીશ.

વિષયોં કી આશા નહીં જિન કે,
સામ્યભાવ ધન રખતેં હૈ,
નિજ પરકે હિત સાધન મેં જો,
નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા,
બિના ખદે જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગત કે,
દુઃખ સમૂહ કો હરતે હૈં.

**— મેરી ભાવના**

સાચા જ્ઞાની, સાધુનું વર્ણન જો કે આપણે શબ્દોમાં ન કરી શકીએ કારણ કે તેઓ શુદ્ધાત્મા છે પરંતુ આપણા જેવા અલ્પજ્ઞ લોકો તેમને કેવી રીતે જાણી શકે ? તેથી આપણું માર્ગદર્શન કરવા માટે ગુણોનું - લક્ષણોનું વર્ણન કરે છે કે,

**● વિષયોં કી આશા નહીં જિનકે :**

પાંચ ઇન્દ્રિય અને મનને જે અનુકૂળ લાગે તેના પ્રત્યે આત્મા ઝૂકે છે તથા તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે. આપણે ઇચ્છા પૂરી કરવા માટે વલખાં મારવા નહીં. સહજમાં જે થાય તે સારું થાય છે. નરસિંહ મહેતાએ કહ્યું છે કે,

"હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે."

આને જ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહે છે. જે દુનિયાના કાર્યોમાં મશગૂલ છે તે ગમે તેટલા પ્રવચન કરે તો પણ તેનું જીવન બદલાય નહીં.

**● સામ્યભાવ ધન રખતે હૈ, નિજ પર કે હિત સાધન મેં જો નિશદિન તત્પર રહતે હૈ :**

પોતાના આત્માનું જે પ્રકારે કલ્યાણ થાય તેવું જ્ઞાન-ધ્યાન-આચરણ કરે છે કે જેથી આત્મા સર્વ વિકારોથી મુક્ત થઈને પોતાના અનંત જ્ઞાનાનંદ સ્વરૂપને પામે. આવા મહાત્માના સાન્નિધ્યથી આપણને શાંતિનો અનુભવ થાય છે. આદિ કવિ શ્રી નરસિંહ મહેતા કહે છે કે,

"શાંતિ પમાડે તેને તો સંત કહીએ."

તેઓ જ્યારે પોતાના આત્મામાં ન ટકી શકે ત્યારે પરોપકાર માટે સેવાના કાર્યો કરતાં જ રહે છે પરંતુ તે પણ કર્તાબુદ્ધિથી નથી કરતાં પરંતુ નિષ્કામ બુદ્ધિથી કરે છે.

"પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે."

સંત ન હોત તો આ જગત બળી ગયું હોત. તેમનું સંપૂર્ણ જીવન સ્વ-પર ઉપકાર માટે જ હોય છે. મુનિરાજ 'કાં તો મરી જઈશ, કાં તો કર્મોનો ક્ષય કરીશ' એમ દઢતાપૂર્વક સાધના કરે છે કે આ દેહ રહો કે ન રહો પરંતુ ધર્મ તો મારી સાથે જ રહેશે. આ દેહથી આત્મા મુક્ત થઈ જશે તો પણ તે ગમે ત્યાં રહેશે ત્યાં પણ ધર્મ તો રહેશે જ. એટલે તેમનું ઉત્તમ સમાધિમરણ થાય છે. આપણું આવું સમાધિમરણ ન થઈ શકે કારણ કે હજુ સુધી આપણે આપણા આત્માને કર્મોથી, વિકારોથી અને અજ્ઞાનથી સંપૂર્ણ રીતે મુક્ત કર્યો નથી.

**● સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈ :**

મુનિરાજ ક્યારેય ખેદખિન્ન થતાં નથી કે

આ લોકો મારું બરાબર ધ્યાન રાખતાં નથી, મારું સન્માન કરતાં નથી એવા વિકલ્પ કરતાં નથી. ખરેખર તો તેમને જ ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય થયો છે. આપણે પણ જીવનમાં સહજ મળે તેમાં સંતુષ્ટ રહેવું જોઈએ.

**● ઐસે જ્ઞાની સાધુ જગત કે દુઃખ સમૂહ કો હરતે હૈ :**

આવા ગુણો જેમનામાં પ્રગટ થયાં છે તેવા જ્ઞાનીના નિમિત્તથી જગતના જીવોને શાશ્વત આનંદની પ્રાપ્તિનો માર્ગ મળે છે. 'અષ્ટાંગ યોગ'ના રચયિતા મહર્ષિ પતંજલિએ અહિંસા વ્રતની સિદ્ધિમાં આ સૂત્ર કહ્યું છે કે,

अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

જેમણે પોતાના જીવનમાં અહિંસાનું વિશિષ્ટ રૂપમાં પાલન કર્યું છે તેમની આજુબાજુમાં જન્મજાત વેર રાખનાર પ્રાણીઓ પણ શાંત થઈ જાય છે. આવા સદ્‌ગુરુનો આપણા આત્મા ઉપર અનંતો ઉપકાર છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનમામૃત પત્રાંક - ૨૧૩માં કહ્યું છે કે,

"અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે."

આવા શ્રી સદ્‌ગુરુદેવની પ્રાપ્તિ મહત્ પુણ્યના યોગે જ થાય છે માટે તેમનું આવું અલૌકિક સ્વરૂપ સમજીને તેમના ચરણ-શરણનો આશ્રય કરી, તેમની આજ્ઞાનું આરાધન કરી જન્મ-મરણથી મુક્ત કરનાર મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી, શાશ્વત આનંદ ભણી આગળ વધવું. કોઈ અપેક્ષા એ ભગવાનથી પણ ગુરુને શ્રેષ્ઠ કહ્યા છે. યથા -

"ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય;
બલિહારી ગુરુ આપકી, (જિન) ગોવિંદ દિયો બતાય."

આવા સદ્‌ગુરુતત્ત્વની સર્વ સમર્પણભાવથી તનથી, મનથી, ધનથી, આત્માથી સેવના કરી આ મનુષ્યભવ સફળ કરી લેવો તે જ વિવેકી મનુષ્યનું કર્તવ્ય છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

## બાળવિભાગ

(પાના નં. ૩૪ પરથી ચાલુ...)

બસ... પોપટે તો આ પ્રમાણે અજમાવી દીધું. તે તો બેહોશ થઈ પાંજરામાં ઢળી પડ્યો. ઘરના બધા માણસો આવી પહોંચ્યા. તેને ખવડાવવા-પીવડાવવા માટે ખૂબ-ખૂબ પ્રયત્ન કરવા લાગ્યા. પણ આ બંદાએ તો આંખો જ બંધ કરી દીધી. સામું જુએ જ કોણ ? અરે, જાણે શ્વાસ પણ બંધ કરી દીધો !

આથી સૌને લાગ્યું કે પોપટ મરી ગયો છે. પાંજરાનું બારણું બંધ કર્યા વિના જ સૌ જતા રહ્યા.

પોપટે અર્ધ-ખુલી આંખે જોયું કે દરવાજો ખુલ્લો છે. અત્યારે ભાગી છૂટવાનો સારો મોકો છે. આ અવસર ગુમાવ્યો તો બીજી વાર તક નહિ મળે.

પોપટ તો તરત જ પાંજરામાંથી નીકળીને આકાશમાં ઊડી ગયો.

**સાર**

અનાદિ કાળથી આપણો આત્મારૂપી પોપટ સંસારના પાંજરામાં પુરાયેલો છે. તેમાંથી છૂટવાનો એક જ ઉપાય છે : બેહોશ થઈ જવું. એટલે ? એટલે કે મરેલાની જેમ જીવવું - અહંકાર તજીને જીવવું. અખાએ કહ્યું છે :

મર્યા પહેલા તું જાને મરી;
પછી જે બાકી રહે તે હરિ.

જે માણસ અહંકારથી અળગો થઈ જીવે છે તે ક્યાંય બંધાતો નથી.

■ ■ ■

પરમનો સ્પર્શ - ૮૯

# અધ્યાત્મ : ઊર્ધ્વ જીવન માટેની આંતરિક સક્રિયતા

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

કેટલીક ભ્રાંત ધારણાઓએ આપણા જીવનને બરબાદ કરી નાખ્યું છે. વ્યક્તિના જીવનની ઈમારતના પાયામાં આવી કોઈ ભ્રાંત ધારણા ઘર કરી જાય, પછી તે વ્યક્તિના સમગ્ર જીવનને વ્યાપી વળે છે એક ખોટો વિચાર એના સમગ્ર જીવનને અવળે માર્ગે દોરી દે છે. માત્ર અજ્ઞાની કે નિરક્ષર માનવીઓ જ ભ્રાંત ધારણાઓથી ઘેરાયેલા હોય છે એવું હોતું નથી. જ્ઞાનીઓ, વિદ્વાનો અને વિચારકો પણ કોઈને કોઈ ભ્રાંત ધારણા ધરાવતા હોય છે. સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો સામાજિક રિવાજોમાં આવી કેટલીક ભ્રાંત ધારણાઓ જોવા મળે છે. સ્ત્રીઓ વિશેનાં મોટાભાગના માનવીઓના ખ્યાલમાં સ્થૂળતા કે વાસના જોવા મળે છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો અધ્યાત્મની બાબતમાં પણ કેટલાંક ખોટાં ખ્યાલો પ્રવર્તીત છે.

એક માન્યતા એવી છે કે અધ્યાત્મ એ તો નિષ્ક્રિય અને આળસુ માનવીનો ખોરાક છે. જેમને સમાજમાં કશું કાર્ય કરવું નથી, ઘર સંચાલનમાં મદદરૂપ થવું નથી, ઘરની જવાબદારી ઊઠાવવી નથી, સંસારના આઘાતો ખમીને અડીખમ ઊભા રહેવું નથી, એ બધા આધ્યાત્મિક બની જાય છે એટલે કે આધ્યાત્મિકતા એ નિષ્ક્રિયતા છે. માનવ જીવન-વ્યવહારનાં બધાં જ કાર્ય છોડીને કોઈ આશ્રમમાં કે ગુફામાં પલાંઠી વાળીને બેસી જાય, તેને કેટલાંક જીવનથી ભાગવાની વૃત્તિ માને છે. એ લોકોને એ વાત સમજાતી નથી કે આ વર્તમાન જીવનથી ભાગવાની વાત નથી. વાસ્તવિકતાથી પલાયન થવાનું નથી, પરંતુ આ તો જીવનને ઊર્ધ્વ ગતિએ લઈ જવાનું છે.

આજ સુધી મન બાહ્ય જગતમાં ઘૂમતું હતું, એને ભીતર તરફ વાળવાનું છે. આજ સુધી ખરાબ વૃત્તિઓ અને વાસનાઓના હાથમાં મારા જીવનની લગામ હતી અને એ મુજબ મારો જીવનરથ ચાલતો હતો, ત્યારે ખબર પણ નહોતી કે જીવન કેવી વ્યર્થ, ક્ષુદ્ર અને સપાટી પરની બાબતોમાં વહી જાય છે. વ્યક્તિ અધ્યાત્મ તરફ વળશે એટલે એ પોતાના મનની વૃત્તિઓને ઓળખવાનો પ્રયાસ કરશે. ધીરે ધીરે એ જાગૃતિ કેળવીને એ વૃત્તિઓથી દૂર રહેવાનો પુરુષાર્થ કરશે અને સમય જતાં એ વૃત્તિઓને નિર્મૂળ કરીને એ પોતાના જીવનને ઊર્ધ્વ માર્ગે લઈ જશે, આથી આધ્યાત્મિકતા એ કોઈપણ સંજોગોમાં નિષ્ક્રિયતા નથી. એમાં બાહ્ય રીતે સક્રિયતા દેખાતી નથી, પણ અંતરમાં વ્યક્તિ સતત સક્રિય હોય છે. યોગી શ્રી અરવિંદ, પૂ. માતાજી, પૂ. આનંદમયી માના આધ્યાત્મિક જીવનમાં અપાર સક્રિયતા હતી.

અધ્યાત્મજ્ઞાન માટે પુરુષાર્થ કરતી વ્યક્તિમાં એવી ભ્રાંતિ જોવા મળે છે કે 'શાંત મૃત્યુ' માટે આધ્યાત્મિકતા જરૂરી છે. આવી વ્યક્તિઓ સમય જતાં જીવનના ઉલ્લાસ, આનંદ કે કર્મયોગને બદલે જીવનને અંતે 'મીઠું મોત' મળે તેની પ્રતીક્ષા કરવા લાગે છે અને સતત ઈશ્વરને પ્રાર્થના કરે છે કે મને શાંતિભર્યું મૃત્યુ આપજે. એ પરમાત્માને આજીજી કરે છે કે મારી આખરી ઘડી ઉજમાળ કરી દેજે.

હવે જરા વાસ્તવિક દૃષ્ટિએ વિચાર કરીએ તો માનવી મૃત્યુ પામે છે, પરંતુ એની પાસે ક્યારે મૃત્યુ પામવું તેની ચાવી હોતી નથી. કોઈ વ્યક્તિ અકસ્માતમાં મૃત્યુ પામે, તો કોઈ એકાએક હૃદયરોગનો હુમલો થવાથી મૃત્યુ પામે. કેટલીક

વ્યક્તિને કેટલાય દિવસો સુધી લાંબી બીમારી ભોગવવી પડે છે અને પછી એનું દુઃખદ અવસાન થતું હોય છે. આનો અર્થ એટલો કે આપણા મૃત્યુની ઘડી આપણા હાથમાં નથી.

એ મૃત્યુ ક્યારે આવશે એની આપણને ખબર નથી. તેને માટે જીવનમાં આવી આધ્યાત્મિકતા ધારણ કરવી કેટલી યોગ્ય ગણાય ? વળી, મૃત્યુની ઘડીની બાબતમાં હકીકત એ છે વ્યક્તિ જેવું જીવન જીવ્યો હોય, તેવી જ એની અંતિમ ઘડી હોય છે. આખી જિંદગી વાસના અને વિષયમાં ડૂબ્યો હોય, વૃત્તિઓનો ગુલામ રહ્યો હોય અને ભોગવિલાસ કરવામાં પાછા વળીને જોયું ન હોય, એની દશા મૃત્યુ વખતે પણ એ જ પ્રકારની હોય છે. સંયમી અને અસંયમી વચ્ચેનો ભેદ ભગવાન મહાવીરસ્વામીએ એમની એક ધર્મકથામાં માર્મિક રીતે બતાવ્યો છે. એ કથા આ પ્રમાણે છે :

કાશીમાં ગંગાતીરે એક મોટો ધરો હતો. ધરાની પાસેની ઝાડીમાં બે શિયાળ રહેતા હતા. રાત પડે જલચરોનો શિકાર કરે. એક વાર ખાવાનું શોધવા રાતની વેળાએ બે કાચબા બહાર આવ્યા. તરત શિયાળ એમના પર તૂટી પડ્યા. કાચબાઓએ પોતાનાં અંગ ઢાલ નીચે છુપાવી દીધાં. શિયાળોએ હલાવ્યાં, બચકાં ભર્યાં, નખ માર્યા, પણ કંઈ વળ્યું નહિ.

થોડી વારે એક મૂઢ કાચબાએ શિયાળ ચાલ્યા ગયા છે એમ માનીને એક પગ બહાર કાઢ્યો. એ જોતાં જ શિયાળે આવીને એક પગ કરડી લીધો. એના બીજાં અવયવો કરડી ખાધાં.

બીજો કાચબો એ પ્રમાણે જ કરશે, એમ માનીને શિયાળોએ લાંબા સમય સુધી રાહ જોઈ, પણ કંઈ વળ્યું નહીં. છેવટે કંટાળીને શિયાળ ચાલ્યા ગયા. બીજા કાચબાએ સહેજ ડોક ઊંચી કરીને જોયું. કોઈને ન જોતાં દોડીને ધરામાં પહોંચી ગયો ને સુખેથી રહેવા લાગ્યો.

પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખ્યા વિના સ્વચ્છંદતાથી વર્તનારના પહેલા કાચબા જેવા બૂરા હાલ થાય છે. જે સંયમથી વર્તે અને આત્મકલ્યાણમાં પ્રવૃત્ત થાય, તે બીજા કાચબાની પેઠે સુખથી તરે અને બીજાંને પણ તારે ! આમ, પેલા કાચબાની જેમ જીવનભર સ્વચ્છંદતાથી વર્તનાર અંતિમ વેળાએ પણ સ્વચ્છંદી વિચાર કરતો હશે. ક્રોધના જ્વાળામુખી જેવી વ્યક્તિ અંત વેળાએ પણ એની ક્રોધી પ્રકૃતિ છોડશે નહીં. પ્રપંચી વ્યક્તિને બહાર મંત્રોચ્ચાર થતાં હોય તો પણ અંત વેળાએ સતત પ્રપંચના વિચારો આવશે. જેણે જીવનભર નિઃસ્વાર્થ સેવા કરી હોય અથવા તો જે નિઃસ્પૃહી જીવન જીવતા હોય, એમની જ આંખો અંતિમ વેળાએ શાંતિથી મિંચાતી હોય છે. આનો અર્થ એ થયો કે અધ્યાત્મજ્ઞાન એ માત્ર અંતિમ ઘડી રૂડી કરવાનું જ્ઞાન નથી, બલ્કે અધ્યાત્મજ્ઞાન એ ઊર્ધ્વ જીવન જીવવા માટેની જડીબુટ્ટી છે. કારણ એટલું જ કે વ્યક્તિ શાંતિથી જીવે એ જરૂરી છે. એનું જીવન એ જ એને માટે શાંતિભરી અંતિમ ઘડી લાવશે.

વ્યક્તિ અધ્યાત્મ માર્ગે ચાલીને ઈશ્વરની ઇચ્છા એ જ મારી ઇચ્છા છે, એ ભાવ સાથે તદ્રૂપ બનતો હોય છે. એ પછી એ 'પોતે' કશું કરતો નથી. પરંતુ માને છે કે કર્મનાં ફળનું આ પરિણામ છે અને તેથી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ એ સ્વસ્થ રહી શકે છે. એનું મુખ્ય કારણ એ કે એનામાંથી 'હું' અને 'તું'નો ભાવ જતો રહ્યો છે અને એને પરિણામે રાગ અને દ્વેષ ચાલ્યા ગયા છે. વ્યક્તિને અમુક બાબતોમાં અતિ રાગ હોય છે અને અમુક પ્રત્યે દ્વેષ હોય છે. જેના તરફ રાગ હશે, એનો ઉલ્લેખ થતાં એ એના પર પ્રશંસાનાં પુષ્પો વરસાવવા માંડશે અને જેના પર દ્વેષ હશે, એની વાત થતાં જ એને વિશે ટીકા-ટિપ્પણ કે એની નિંદા

કરશે. હવે જો એ અધ્યાત્મ માર્ગમા પ્રવેશે તો એને ખ્યાલ આવે કે મારો રાગ પણ ખોટો છે અને દ્વેષ પણ ખોટો છે. એના પરિણામે એના જીવનમાં સમતાભાવ પ્રગટ થશે, જે બધી પરિસ્થિતિમાં એને સ્વસ્થ અને એકરૂપ રાખશે. એના આવા સમતા-ભર્યા જીવનને કારણે જિંદગીના સ્થૂળ ભાવોમાંથી એ આપોઆપ મુક્ત બની જશે અને અધ્યાત્મની ગહેરાઈમાં જવા માટે પ્રયત્ન કરશે. એના જીવનનું પરિવર્તન થશે. જે વિષયો પ્રત્યે એનો રાગ હતો, ત્યાં વિરાગ જાગશે અને પછી એ વ્યક્તિ સતત અધ્યાત્મમય જીવન જીવશે, જેને કારણે એના જીવનમાં પ્રતિક્ષણ અને પ્રતિપળ એ પરમના સ્પર્શનો કે પ્રભુમય જીવનનો અનુભવ કરશે.

આ અધ્યાત્મને કારણે સાધકમાં એક આગવી દૃષ્ટિ આવે છે. એ પોતાની પ્રશંસાથી ફુલાઈ જતો નથી કે નિંદાથી નમી જતો નથી. એ તો સાચું, પરંતુ એથી યે વિશેષ એની આસપાસની તમામ પરિસ્થિતિને એ એમાં ડૂબ્યા વિના, એનાથી લિપ્ત થયા વિના અને દૂર રહ્યે રહ્યે આ બધી બાબતોને જોઈ શકે છે. એ જોવાની સાથે એને પ્રશંસા, નિંદા, દ્વેષ, ભોગવિલાસ, એ બધાની ક્ષણિકતા અને ભંગુરતા નજર સામે દેખાય છે અને તેથી એ પોતાના વર્તમાન જીવનમાં સ્થૂળ ભાવોથી પર થઈને અધ્યાત્મના માર્ગે પ્રયાણ કરશે. આમ, અધ્યાત્મ એ નિવૃત્તિ કે નવરાશ ગાળવાની બાબત નથી, એ નિષ્ક્રિયતા કે પ્રમાદજન્ય બાબત નથી. એ માત્ર અંતિમ ઘડીને ઉજાળનારી બાબત નથી. પરંતુ વર્તમાન જીવનમાં સદ્‌ગુણોની મહેક ભરીને એને અંતરની અનોખી ઊર્ધ્વ યાત્રાએ લઈ જનારી સક્રિય પ્રક્રિયા છે.

■ ■ ■

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

- **પુસ્તકનું નામ : (૧) હોંસલોં કી ઉડાન, (૨) અડગ મનના ગજબ માનવી, (૩) જીવતરની સાથે, માણસાઈની વાટે, (૪) કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર.**
- **લેખક :** ડૉ. જનકભાઈ શાહ, ભારતીબેન શાહ
- **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૬ ● **મૂલ્ય :** રૂ. ૧૦૦ + રૂ. ૧૨૦ + રૂ. ૧૨૦ + રૂ. ૧૨૦
- **પ્રકાશક : માનવવિકાસ અને કલ્યાણ ટ્રસ્ટ :** એમ-૧૦, શ્રીનંદનગર વિભાગ - ૪, વેજલપુર, અમદાવાદ-૫૧. e-mail : madanmohanvaishnav7@gmail.com
- **વિક્રેતા :** ગૂર્જર એજન્સી, ગાંધીરોડ, અમદાવાદ. Ph. (079) 22144663, 22149660

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સંઘર્ષો આવતા જ રહે છે. ઉપરોક્ત પુસ્તકો સંઘર્ષોનો સામનો કેવી રીતે કરવો તેની દૃષ્ટાંતો સાથે પ્રેરણા આપે છે. આ પુસ્તકો સમાજના પ્રત્યેક વર્ગના માનવી માટે પથદર્શક બની શકે તેમ છે. તથા સૌને પ્રોત્સાહન, પ્રેરણા, જાગૃતિ અને નવસર્જનની શક્તિ પૂરી પાડે તેવા છે. આ પુસ્તકોના પ્રકાશન સાથે પડકારોને ઝીલનારા દિવ્યાંગો અને માનવકલ્યાણનાં કાર્યોના હૈયાધારીઓના જીવનવૃત્તાંતની જીવંત વીડિયો પણ તૈયાર કરવામાં આવી છે, જે આ પુસ્તકો વાંચવા માટે પ્રેરણાસ્રોત બને તેમ છે તેમ જ જીવનના સંઘર્ષમાં નિષ્ફળતા મળતા નાસીપાસ થતા અને આત્મહત્યા કરવા પ્રેરાતા લોકોને જીવન જીવવાનું અનેરું બળ પૂરું પાડે છે. આ પુસ્તકોના દશ સેટ વસાવીને ઉપરોક્ત વીડિયો જોવાની જિજ્ઞાસા ધરાવનાર જિજ્ઞાસુઓને જે તે સંસ્થામાં વીડિયો પ્રદર્શિત કરવાની ટ્રસ્ટની તૈયારી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૪૮)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સંસારવનને મોક્ષ ઉપવનમાં રૂપાંતર કરાવે એવી જેની કૃતિ છે, હું મત કે ગચ્છમાં નથી પણ આત્મામાં છું એવી જેની કૃતિ છે અને સમભાવ, સમરસતા જેની સંસ્કૃતિ છે એવા પરમકૃપાળુદેવની પત્રાંક ૪૪૬માં પરાવાણીનું પ્રાગટ્ય થાય છે. "પ્રદેશે પ્રદેશેથી જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમયમાત્ર પણ અવકાશ લેવાની જ્ઞાનીપુરુષોએ હા કહી નથી; કેવળ તે વિષે નકાર કહ્યો છે. તે આકર્ષણથી ઉપયોગ જો અવકાશ પામે તો તે જ સમયે તે આત્માપણે થાય છે. તે જ સમયે આત્માને વિષે તે ઉપયોગ અનન્ય થાય છે. એ આદિ જે અનુભવવાર્તા તે જીવને સત્સંગના દૃઢ નિશ્ચય વિના પ્રાપ્ત થવી અત્યંત વિકટ છે. તે સત્સંગ નિશ્ચયપણે જાણ્યો છે, એવા પુરુષને તે સત્સંગનો યોગ રહેવો એ દુષમકાળને વિષે અત્યંત વિકટ છે." 'જળમાં સ્વાભાવિક શીતળપણું છે, પણ સૂર્યાદિના તાપને યોગે ઉષ્ણપણાને તે ભજતું દેખાય છે; તે તાપનો યોગ મટ્યેથી તે જ જળ શીતળ જણાય છે; વચ્ચે શીતળપણાથી રહિત તે જળ જણાય છે, તે તાપના યોગથી છે. એમ આ પ્રવૃત્તિ જોગ અમને છે; પણ અમારો તે પ્રવૃત્તિ વિષે હાલ તો વેદ્યા સિવાય અન્ય ઉપાય નથી.' આ સમાધિ શબ્દો પરમ સખા, પરમાર્થ સ્નેહી પરમ ઉપકારી એવા સોભાગભાઈને લખ્યા છે. તે સમયે ભીતરના ભાવો, અંતરંગ દશા જણાવી શકે તેવા શ્રી સોભાગભાઈ હતા.

શ્રી પૂજ્યપાદ આચાર્યનું 'સમાધિશતક' ઉષ્ણગ્રીષ્મ ઋતુમાં હેમન્તની શીતળ મધુર લહેર જેવું છે. વિપરીત ધર્મ પ્રવર્તી રહ્યો છે ત્યારે હેમન્તની શીતળ લહેર સમ સત્ શાશ્વત નિજ ધર્મનો શીતપ્રવાહ વહે છે. જ્યાં બાહ્ય ક્રિયાકાંડને ધર્મ માન્યો છે તેઓને નિજાશ્રય તે સત્ધર્મ છે એવી શીત લહર પ્રવહે છે.

શ્લોક ત્રીસના પૂર્વાર્ધમાં બાહ્ય ઈન્દ્રિયોને રોકીને, મનને સ્થિર કરીને ઉપયોગને એકાગ્ર કરી આત્મામાં સ્થાપવો તો ત્યાં પરમાત્મા પ્રાપ્ત થાય છે - આ બાબતનો અભ્યાસ કર્યો. શ્લોક ત્રીસ આ પ્રમાણે છે :

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।**
**यत्क्षणं दृश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥३०॥**

સર્વ ઈન્દ્રિયોને રોકીને સ્થિર થયેલા અંતરાત્મા દ્વારા ક્ષણ માત્ર જોનારને ચિદાનંદસ્વરૂપ પ્રતિભાસે છે તે પરમાત્માનું સ્વરૂપ છે.

**વિશેષાર્થ :** શ્લોક ત્રીસના પૂર્વાર્ધમાં ઈન્દ્રિયોની રોકીને... એ વાત ઉપર અભ્યાસ કર્યો. હવે બાકીના ભાવો વિચારશું.

સ્તિમિતેન અન્તરાત્મા - સ્થિર થયેલા અન્તરાત્મા દ્વારા સર્વ ઈન્દ્રિયોના વિષયોને રોકીને, મનના સંકલ્પ વિકલ્પોથી છૂટીને સ્થિર થયેલા ઉપયોગથી અંતરમાં જા. રુચિ, રસ અને ભાવનાપૂર્વક બહારથી રસ છૂટે છે. ત્યારે આત્માને અંતરમાં જવાની પ્રક્રિયા શરૂ થાય છે. જે બહારમાં રસ હતો. સાધકને અંતરમાં રસ જાગતા આત્મભાવ તરફ ઉપયોગને એકાગ્ર કરે છે.

શ્રી આનંદઘનજી મહારાજ પદમાં જણાવે છે.

રે મનાજી ! તું તો જિન ચરણે ચિત્ત લાય,

તેરો અવસર બીત્યો જાય...
ઉદર ભરણ કે કારણે ગૌઆ વનમાં જાય,
ચારો ચરે ચહું દિશિ ફરે...
એનું ચિત્તડું વાછરડા માંય રે મનાજી
તું તો જિનચરણે ચિત્ત લાય...

આ જ સ્તવનમાં અન્ય પ્રસંગો કે સ્ત્રીઓ પાણી ભરવા જાય - માથે પાણી ભરેલું બેડું હોય વળતાં બધી સખીઓ વાત કરે - તાળી દે, અરસપરસ અને ખડખડ હસે પણ દૃષ્ટિ ગાગરડીમાં રહે છે. ઉપયોગ બેડામાં હોય છે. તેવી રીતે નટવો નીચે ચોકમાં, દોરી ઉપર ચાલતો હોય - નીચે આજુબાજુ તમાશો જોતો હોય પણ દોરી પર ચાલતાં નટવાની નજર દોરડા ઉપર રહે છે. દોરડીયાની માંય ઉપયોગ રહ્યો છે. સોની સોનાના અલંકારોના ભિન્ન ભિન્ન ઘાટ ઘડે પણ સોનીનું મન તો સોનૈયા ઉપર હોય છે. ઉપયોગ અન્યત્ર જતો નથી. તેમ ઉપયોગ એકમાં એકાગ્ર રહે છે. શ્રીકૃષ્ણના સખા અર્જુનને જ્યારે રાધાવેધ કરવાનો હતો ત્યારે પાર્થની દૃષ્ટિ માછલીની આંખને વિંધવાની હતી, તેમાં જ ઉપયોગ સ્થિર કર્યો હતો. તેમ જ દ્રોણાચાર્ય ગુરુએ કૌરવ-પાંડવોની કસોટી કરી તેમાં પણ બીજાને વૃક્ષ આખું, કોઈને ડાળીઓ, કોઈને એક ડાળી દેખાતી. કોઈને વળી પક્ષી પણ દેખાતું પણ અર્જુનને પક્ષીની આંખ નહિ પણ પક્ષીની આંખની કીકી માત્ર દેખાતી હતી. ઉપયોગને એકમાં એકાગ્ર થતાં કાર્યસિદ્ધિ થાય છે. પૂજ્ય આચાર્યદેવે ગહનતાથી આ દૃષ્ટિને દૃઢ કરાવી છે.

ગ્રંથાધિરાજ 'સમયસાર'ના સંવર અધિકારની ત્રણ ગાથાઓ ૧૮૧, ૧૮૨, ૧૮૩માં આ વાતની પુષ્ટિ આપે છે.

**एयं तु अविवरीदं णाणं जइया दु दोहि जीवस्स ।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा ॥१८३॥**

ત્રણ ગાથાના હરિગીત છે,

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં.(૧૮૧)
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં.(૧૮૨)
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુદ્ધાત્મા કરે.(૧૮૩)

અધ્યાત્મ પ્રદેશની શુદ્ધભૂધરામાં ઉપયોગની સ્થિરતા પરમાવશ્યક છે. આપણા મુનિરાજોની પરમદશાનું દર્શન કરીએ ત્યારે શ્રી ગજસુકુમાર મુનિનો અચલ નિર્વિકલ્પ ઉપયોગ અંતરમાં જામી ગયો તો બહારમાં માથા ઉપર અગ્નિના અંગારા ભીતરની ધારાને સ્પર્શી શક્યા નહિ. શ્રી સુકુમાલમુનિનો ઉપસર્ગ શિયાળવી તેના નાના બચ્ચાં સાથે આવીને ધ્યાનસ્થ મુનિને પગ, પછી હાથ, પછી શરીરને ખાવા લાગી. મુનિરાજ સ્વ ઉપયોગમાં સ્થિરતા સ્થાપી નિર્વિકલ્પ જ રહ્યા. આયુષ્ય પૂર્ણ થયું પણ ઉપયોગની સ્થિરતા અખંડ રહી. મુનિરાજ સમયના પ્રભુ મહાવીર સ્વામીના અનેક ઉપસર્ગમાં ઉપયોગની સ્થિરતા રહી હતી ને ? શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મુનિરાજ સમયનો ઉપસર્ગ કમઠે કર્યો તે મરણાન્ત પણ ઉપયોગની આશ્ચર્યદાયક સ્થિરતા રહી. ઉપયોગની સ્થિરતા તે જ ધર્મ છે. તેમાં સ્થિરતા થતાં પરમાત્મા થવાય છે.

બીજા અનેક પ્રસંગો યાદ આવે છે. પૂ. દેવકરણજી મહારાજને છ વાર ઑપરેશન થયું. કોઈ વાર એનેસ્થેસીયા લીધું નહિ. ઉપયોગ અંદરમાં જામી જતાં શરીરમાં ઉપયોગ જતો નથી. શ્રી રમણ મહર્ષિને કેન્સરની બીમારી આવી. હાથમાં કોણીએ કેન્સરનું કેન્દ્ર હતું. પીડા - વેદના અનેકગણી વધારે પણ ઉપયોગની સ્થિરતા ભીતરમાં હતી. શ્રી રામકૃષ્ણ દેવને કેન્સરની પીડા હતી. તેઓએ

ઉપયોગની દૃષ્ટિ અંતરમાં જ કેળવી હતી. શ્રી જે કૃષ્ણમૂર્તિ, શ્રી કૃષ્ણાતાઈ, શ્રી ઓષો જેમને વિષ આપેલું તે સમયે શરીરમાં વેદના હતી, આ સહુએ ઉપયોગને આત્મામાં કેળવ્યો. આત્મામાં સ્થિરતા સાધી આ અધ્યાત્મ પરિવારની સ્થિતિ વિચારી.

સામાન્ય વ્યવહારના ક્ષેત્રમાં પણ કોઈ વાતો કરવામાં લીન હોય તો બીજી કોઈ વાત સંભળાતી નથી. બાળક રમત રમવામાં લીન હોય તો બહારનો અવાજ સાંભળતો નથી. વિદ્યાર્થી જો અભ્યાસપ્રિય હોય તો કોઈ બોલાવે તો પણ તેનું લક્ષ રહેતું નથી. હવે તો કોમ્પ્યૂટરયુગ આવ્યો છે. કોમ્પ્યૂટરના વિષયમાં વ્યક્તિ લીન હોય છે તો તેને ભોજન પણ સ્મરણમાં આવતું નથી. ઉપયોગની સ્થિરતાનું આ નિદર્શન છે.

પૂ. આચાર્યદેવ કહે છે કે પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી અને મનના સંકલ્પ - વિકલ્પો તોડી જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું તે પરમાત્મ પ્રાપ્તિનો ઉપાય છે. ઉપયોગને ભીતરમાં રાખવાનો અભ્યાસ આરાધક જીવ કર્યા કરે છે. પૂ. સોગાનીજીની અધ્યાત્મગિરા કહે છે, ''ઉપયોગ પોતાની બહાર નીકળે તો જમનો દૂત જ આવ્યો, એમ દેખો ! (બહારમાં) ચાહે ભગવાન પણ ભલે હોય. (ઉપયોગ બહાર જાય) તેમાં પોતાનું મરણ થઈ રહ્યું છે. બહારના પદાર્થથી તો મારો કોઈ સંબંધ જ નથી પછી ઉપયોગને બહારમાં લંબાવવો શા માટે ?'' આવી ઉત્કૃષ્ટ ભાવના આરાધકની હોય છે.

**૨. क्षणं पश्यतः** - ક્ષણ માત્ર જોનારને. ક્ષણ માત્રનો અનુભવ થાય તો પણ પરામાત્મ પદને પામે છે. એક વાર ક્ષણવાર પણ આત્મઅનુભવનું સ્વસંવેદન થાય તો પણ નિજઘરને જોઈ લીધું છે. તેનો બેડો પાર છે. પણ ટીકાકારે पश्यतः માં કહ્યું છે पश्यतो बहुतर कालं मनसा स्थिरिकर्तुं मनोनिरोधं कृत्वा इति । દીર્ઘકાળ સુધી મનને સ્થિર કરવાનો અભ્યાસ કરવો. અલ્પ કાળના પુરુષાર્થથી મનસ્થિરતા સામાન્ય રીતે થતી નથી. તેથી આરાધકે દીર્ઘકાળ સુધી ભૂમિકા અનુસાર સ્થિરતાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

**૩. परमात्मानः तत्त्वंभाति** - રુચિ, રસપૂર્વક સદ્ગુરુના સમ્યક્ બોધવચનોને હૃદયમાં સ્થિર કરી, ભેદજ્ઞાનના અપૂર્વ પુરુષાર્થ વડે નિજેશને પામવાનો પુરુષાર્થ કરે છે તેને પરમાત્મપદમાં સ્થિતિ થાય છે. પરમાત્મપદમાં સ્થિતિ થતાં ધ્યાન ધ્યાતા ધ્યેય, જ્ઞાન જ્ઞાતા જ્ઞેયના વિકલ્પો છૂટી જાય છે. આત્મા અસ્તિત્વની મસ્તિમાં ખોવાઈ જાય છે.

મુનિવર રામસિંહ - પાહુડદોહા - ગાથા ૪૯માં કહે છે, ''મન તો પરમેશ્વરમાં મળી ગયું છે અને પરમેશ્વર મન સાથે મળી ગયા છે. બંને એકરસ થઈને રહ્યા છે, તો હું પૂજાની સામગ્રી કોને ચડાવું ?'' જ્યાં અભેદ દશા ત્યાં ભેદનો વિકલ્પ કેવો ? શ્રી પૂજ્યપાદ આચાર્ય સંક્ષિપ્ત શબ્દોમાં અસંક્ષિપ્ત અર્થભાવને ભરે છે. ભેદજ્ઞાનપૂર્વક સમભાવને પામીને સમાધિ સર્જાય છે. પરમાત્મપદ પ્રાપ્તિનો આ જ ઉપાય છે. ''ઈન્દ્રિયોને રોકો, મનને સ્થિર કરો, પોતામાં પોતાને જુઓ'' - આ મંત્ર જ પરમાત્મપદને ઉપાદેય છે. શ્રી શીતલપ્રસાદજી નોંધે છે, ''कहने का प्रयोजन यही है की निश्चय से तू स्वयं परमात्मा है । जब तू परसे हटकर आप में आवेगा, तू स्वयं परमात्म स्वरूप है । अपने आत्मा का अनुभव करना ही सत्कार्य है । अनादि हमने इन्द्रिय और मनरूपी छः झरोखो से बाहर देखने का अभ्यास कर रखा है, कभी भी उनसे देखना छोडते नहीं । जब कभी उन झरोखों में न झांक कर हम अपने घरकी तरफ देखेंगे, हमें स्वयं अपना स्वरूप दिखाई पडेगा ।''

પૂ. બહેનશ્રી ચંપાબેનની આર્ષ વાક્ધારાના શબ્દો છે, ''મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે

**(અનુસંધાન પાના નં. ૨૪ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૨)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૨)**

**अब काललब्धि बलतें दयाल ।**
**तुम दर्शन पाय भयो खुशाल ॥**
**मन शांत भयो मिटि सफल द्वद्व ।**
**चाख्यो स्वातम - रस दुःख निकंद ॥**

**શબ્દાર્થ :** હે ભગવાન ! હવે કાળલબ્ધિ પાકવાથી મને આપના દર્શન પ્રાપ્ત થઈ ગયા છે, તેથી મને ખૂબ આનંદ થયો છે. મારું અંતર્દ્વદ્વ હવે સમાપ્ત થઈ ગયું છે. તેથી મારું મન શાંત બની ગયું છે. મેં સર્વ દુઃખોને નાશ કરવાવાળો એવો આત્મરસ ચાખી લીધો છે. (મને મારા આત્માનો આંશિક અનુભવ થઈ ગયો છે.)

**વિશેષાર્થ :**

भेदविज्ञान जग्यो जिनके घट,
शीतल चित भयो जिन चंदन,
केलि करे सिव मारग में,
जग मांही जिनेसर के लघुनंदन ।
सत्य स्वरुप सदा जिनके
प्रगट्यो अवदात मिथ्यात् निकंदन,
शांत दशा तिनकी पहिचानी
करे कर जोरि बनारसी वंदन ॥

**– શ્રી સમયસાર નાટક**

દર્શનસ્તુતિ ગા.૧૨ અને ઉપરના દોહરાના ભાવાર્થમાં ઘણું સામ્ય છે. ભેદવિજ્ઞાન થયું એટલે પોતાના આત્માનું દર્શન થયું અને તેથી મન શાંત બની ગયું છે અને મિથ્યાત્વરૂપ શત્રુનો નાશ થઈ ગયો છે. (અંતર્દ્વદ્વ સમાપ્ત થઈ ગયો છે.)

સાધકને ઉત્તમ મુમુક્ષુતા પ્રગટી ગઈ છે. આત્મદર્શન થવા માટેની સત્પાત્રતા પ્રગટી ગઈ છે, પણ કોઈ પણ કાર્ય થવા માટે પાંચ સમવાય કારણોની અનિવાર્યતા વીતરાગદર્શનમાં કહી છે –

(૧) ઉપાદાન - સ્વભાવ, (૨) નિમિત્ત - કોઈ પણ કાર્ય થાય ત્યારે નિમિત્ત હાજર હોય છે. (૩) નિયતિ - ભવિતવ્યતા, (૪) કાળ - જેને કાળલબ્ધિ કહીએ છીએ, (૫) પુરુષાર્થ.

સાધકે ઉપાદાન જાગૃત કરી પુરુષાર્થ કર્યો. ભવિતવ્યતાને કારણે પ્રભુદર્શનનું નિમિત્ત મળ્યું - અને આ બધા કારણો હોવા છતાં જ્યારે કાળલબ્ધિ પાકી ત્યારે જ આત્મદર્શન થયું.

આવી અમૂલ્ય લોટરી કોઈક ભવ્ય જીવને લાગે છે. આ વિશ્વમાં માત્ર આંગળીના ટેરવે ગણાય એટલા જ જીવોને આવી આત્મદર્શનની લોટરી લાગતી હશે કારણ કે સત્ય પુરુષાર્થ કરનારા જીવો પણ ત્રણે કાળ વીરલા જ હોય છે.

**કાળલબ્ધિ** - આ આત્મા અનાદિકાળથી અજ્ઞાનરૂપ અંધકારમાં ભટકી રહેલો છે. પણ જેમ કોઈ પથ્થર નદીના પ્રવાહમાં વહેતો - વહેતો, ટકરાતો - ટકરાતો ઘણા કાળે ગોળમટોળ થઈ જાય એ રીતે આ આત્મા-જીવ સંસારમાં પરિભ્રમણ કરતો થકો - જન્મમરણ કરતો કરતો - અકામ નિર્જરા કરતો કરતો ઉપાદાનની યોગ્યતા પ્રગટાવી શ્રી ગુરુનો ઉપદેશબોધ ગ્રહણ કરી મિથ્યાત્વ ત્યાગ કરવા યોગ્ય સત્પાત્રતા પ્રગટાવી દે છે તે કાળને કાળલબ્ધિ કહેવાય છે.

શ્રી મોહવિજયજી મહારાજ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહે છે;

"જો તુમ ધ્યાતાં શિવ સુખ લહીએ
તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ (કાળલબ્ધિ) પરિપાક થયા વિણ,
કોઈ ન મુક્તિ જાવે હો, પ્રભુજી ઓલંભડે મત ખીજો."

**ભાવાર્થ :** પાંચેય સમવાય કારણ મળતાં જ આત્મદર્શનરૂપ કાર્ય નિષ્પન્ન થાય છે.

### મહાપુરુષોના અવતરણો :

આ ગાથામાં ઉત્તમ સાધકની પ્રભુભક્તિ, સમતા-એકતા રૂપ પરિણમી ગઈ છે. તેનો આત્મા પરમાત્મસ્વરૂપમાં લીન બની ગયો છે. પ્રભુદર્શન થઈ ગયું છે.

- જ્ઞાન ગુણની અપેક્ષાએ પ્રભુપદનું જ્ઞાન થયું એમ કહેવાય છે - અનુભવની અપેક્ષાએ (રસાસ્વાદની અપેક્ષાએ) પ્રભુપદનો ભેટો થયો એમ કહેવાય છે.
- "ભલે મળ્યા રે મહેતા નરસિંહના સ્વામી,
  દાસી પરમસુખ પામી, હરિનો રસ પૂરણ પાયો."
  **– ભક્તકવિ નરસિંહ મહેતા**
- ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું,
  પૂજા અખંડિત એહ;
  કપટ રહિત થઈ આતમ અરપણા રે,
  આનંદઘન પદ રેહ.
  **– યોગીરાજ આનંદઘનજી**
- દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,
  ભાસ્યું આત્મ સ્વરૂપ અનાદિનો વિસર્યો.
  **– શ્રી દેવચંદ્રજી મહારાજ**
- અમિય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
  શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય,
  વિમલ જિન દીઠા લોયણ આજ.
  **– શ્રી આનંદઘનજી મહારાજ**
- નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે,
  મન તાપ ઉતાપ તમામ મટે;
  અતિ નિર્જરતા વણ દામ ગ્રહો
  ભજીને ભગવંત ભવંત લહો.
  સમભાવી સદા પરિણામ થશે,
  જડ મંદ અધોગતિ જન્મ જશે;
  શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
  ભજીને ભગવંત ભવંત લહો.
  **– પ.કૃ.દેવ શ્રીમદ્ રાજચંદ્રજી**

**• મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ્વ :**

આત્મદર્શન થવાથી મારો સમતા-સામ્યભાવ પ્રગટી ગયો છે. સુખ-દુઃખ, માન-અપમાન, સારું-ખોટું - દરેક સંયોગોમાં હું શાંત રહી શકું છું. નિરાકુળ રહી શકું છું. કારણ કે મારી શ્રદ્ધા પાકી થઈ છે.

- હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક
  એહ ભરોસો જાય નહી,
  જે પ્રભુ કરશે તે મમ હિતનું
  એ નિશ્ચય બદલાય નહીં.
  **– ભક્તકવિ હરિદાસ**
- રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યા કેવળજ્ઞાન,
  યહ નિશ્ચય કર જાનકે, તજીએ પરથમ ધ્યાન.
  (આર્ત્તધ્યાન) **– બૃહદ્ આલોચના**
- જે થાય તે યોગ્ય જ માનવામાં આવે...
  **– વચનામૃત પ. ૩૦૧**

સર્વજ્ઞ-વીતરાગ ભગવાન વૈજ્ઞાનિક છે. પાંચેય સમવાય કારણ મળતાં સાધકને પરમાત્માના દર્શનનું ઉત્કૃષ્ટ બાહ્ય નિમિત્ત મળતાં સમ્યગ્દર્શન-આત્મદર્શન થઈ જાય છે અને તે સમયે જ્ઞાન પણ સમ્યક્ થઈ જાય છે સમ્યગ્દર્શન - જ્ઞાનના ફળ રૂપે

**(અનુસંધાન પાના નં. ૩૨ પર...)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી સંભવનાથ જિન સ્તવન

ઉપાદાન જાગૃત કરવામાં નિમિત્તના અવલંબનની અનિવાર્યતા ગણિશ્રી દેવચંદ્રજીએ બતાવી. પણ તે નિમિત્ત પણ જો યથાર્થ વિધિએ, નિષ્કામ ભાવથી, નિષ્ઠાપૂર્વક અને ઉલ્લાસથી સાધીએ તો જ કાર્ય સિદ્ધ થાય તેની વાત કરતાં હવે શ્રી દેવચંદ્રજી કહે છે :

**એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય; જિન૦**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય.**
**– જિનવર પૂજો૦ ૫**

**શબ્દાર્થ :** એક વાર જો આગમમાં કહેલી રીતે પ્રભુને વંદના થાય તો તે સત્ય કારણ વડે (મોક્ષરૂપી) કાર્યની સિદ્ધિ અવશ્ય થાય એમ પ્રતીતિમાં આવે છે. (આગમ : જિનેશ્વરે ઉપદેશેલો બોધ; જિનોક્ત શાસ્ત્રો)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી મહારાજની આ વાત આશ્ચર્યકારક લાગે કે એવી તે કેવી પ્રભુવંદના કે જે માત્ર એકવાર કરવાથી કાર્યસિદ્ધિ થાય ? તે માટે શ્રી દેવચંદ્રજી તુરત એક મુખ્ય અને માર્મિક શરત મૂકે છે કે તે વંદના 'આગમ રીતે' અર્થાત્ આગમમાં કહ્યા મુજબ થવી જોઈએ. આગમ એટલે જિનેશ્વર ભગવંતોનો ઉપદેશ અને તેમનો મુખ્ય ઉપદેશ એ છે કે : *"આત્માને તારો; આત્માની અનંત શક્તિઓનો પ્રકાશ કરો; એને કર્મરૂપ અનંત દુઃખથી મુક્ત કરો."* (શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત મોક્ષમાળા - શિક્ષાપાઠ - ૧૦૪). આ મુખ્ય ઉપદેશને લક્ષમાં રાખી જો પ્રભુને ભાવપૂર્વક વંદના થાય તો તે આગમ પ્રમાણે થઈ કહેવાય અને આવી વંદના જ સત્ય કારણ બની સાધકને મોક્ષરૂપી કાર્યની ક્રમશઃ સિદ્ધિ કરાવે છે.

આગમમાં ચૈત્યવંદન આદિમાં પ્રભુવંદનાની કાયિક અને વાચિક બાહ્યક્રિયાની પદ્ધતિ પણ બતાવી છે, પણ તે સર્વની પાછળનો આશય તો મનને સંસારમાંથી હટાવી, પ્રભુના ગુણો તરફ વાળી ભાવશુદ્ધિ કરવાનો હોય છે. જૈન કુળમાં જન્મ્યા છીએ તેથી પરંપરાગત રીતરસમ જાળવવા માત્ર જો મંદિરે જઈ પ્રભુવંદના થતી હોય તો તે ખમાસણા આદિ માત્ર ભાવશૂન્ય શારીરિક કસરત થશે. અને આપણે 'ક્રિયાજડ'માં ખપીશું. જિનાગમમાં તો સર્વ યોગક્રિયાની પાછળ ઉપયોગની મુખ્યતા છે, ભાવની મુખ્યતા છે. તેથી જ કહ્યું છે ને કે :

*ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;*
*ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.*

તેમ વળી આચાર્યપ્રવર શ્રી કુંદકુંદાચાર્ય 'શ્રી ભાવપાહુડ'માં ફરમાવે છે કે,

*જિનવર ચરણકમળે નમે જે પરમ ભક્તિરાગથી;*
*તે જન્મવેલી મૂળ છેદે, ભાવ ઉત્તમ શસ્ત્રથી.*

મુમુક્ષુ સાધક જીવ તો શુદ્ધભાવથી, પરમ પ્રેમથી પ્રભુને વંદન કરતી વખતે (૧) અત્યંત બહુમાન લાવી પ્રભુના સ્વરૂપનું દર્શન કરતા પોતાના દોષોનું પણ દર્શન કરે છે (૨) દોષદર્શનથી પોતાની પામરતાનો અહેસાસ થતાં વંદન માટે ઝૂકતાં પોતાના અહંકારને ઝૂકાવે છે (૩) આ વંદના કરવા પાછળ અલ્પ પણ સંસારસુખ, પુણ્યફળની કે વિઘ્નનિવારણની ઇચ્છા ન રહે તેનું ધ્યાન રાખે છે (૪) પુણ્ય-પાપ રહિત પ્રભુ જેવી શુદ્ધ વીતરાગી દશાનો જ લક્ષ રાખે છે (૫) પ્રભુદર્શનના

અવલંબનથી તેમના જેવા જ પોતાના સ્વરૂપ દર્શન તરફ આગળ વધાય છે કે નહિ તેનું ચેકીંગ કરે છે (૬) "જિનપદ નિજપદ એકતા"ના ભાવમાં અંતર્મુખ થવાનો પ્રયત્ન કરે છે (૭) આ સર્વ આંતરિક ભાવોની પુષ્ટિ માટે ભગવાનની અષ્ટપ્રકારી પૂજા, અર્ચના, વંદના આદિની જે કંઈ બાહ્યવિધિ છે તેનું પણ યથોચિત અવલંબન લે છે. આવા ધ્યેયલક્ષી સાધકની એક પ્રભુવંદનામાં પણ અસંખ્યાત કર્મો ખપે છે. યથાર્થ પ્રભુવંદનારૂપ સત્ય કારણ મળતાં પોતાની જ આત્મસિદ્ધિરૂપ સત્ય કાર્ય થઈ રહ્યું છે તેમ તેને સ્વયં પ્રતીતિ થાય છે. તેથી દેવચંદ્રજી બીજા ચરણમાં કહે છે કે "કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય."

પ્રભુવંદનાની રીત અને તેનું પ્રયોજન વધુ સ્પષ્ટ કરતાં શ્રી દેવચંદ્રજી આગળ કહે છે,

**પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણ ગેહ; જિન૦**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ.**
**– જિનવર પૂજો૦ ૬**

**શબ્દાર્થ :** અમલ, વિમલ ગુણોના ભંડાર એવા પ્રભુની પ્રભુતાને ઓળખીને, તેમાં જ સાધ્યદૃષ્ટિ રાખીને જે સાધક વંદન કરે છે તે ધન્ય છે. (અમલ = સર્વ કર્મમળથી રહિત; વિમલ = શુદ્ધ, ઉજ્જવળ; ગુણ ગેહ = ગુણોનું ઘર, ગુણોના ભંડાર; સાધ્યદૃષ્ટિ = ધ્યેય તરફ દૃષ્ટિ)

**વિશેષાર્થ :** સાધકનું સાધકપણું તેમાં છે કે તે નિરંતર સાધ્ય ઉપર દૃષ્ટિ રાખીને વંદના આદિ અનુષ્ઠાન કરે. અને તેનું સાધ્ય તો એક જ છે કે વહેલે કે મોડે મારે પ્રભુ જેવા થવું છે ! પ્રભુ જેવા થવા માટે "પ્રભુને પ્રભુપણે ઓળખો" એમ દેવચંદ્રજી ફરમાવે છે. પ્રભુ અમલ, વિમલ ગુણોના ભંડાર છે - એ જ તેમનું પ્રભુત્વ છે, એમ ગુણોના દર્શન દ્વારા પ્રભુની 'યથાર્થ' ઓળખાણ કરી વંદન કરવાના છે. 'યથાર્થ' એટલા માટે કહ્યું કે પ્રભુને અષ્ટપ્રાતિહાર્ય કે સમવસરણ આદિ બાહ્ય રિદ્ધિ-સિદ્ધિ માત્રથી નથી ઓળખવાના પણ તેમની વીતરાગતા, નિર્વિકારીપણું, પરમ જ્ઞાનાનંદમય દશા, પરમ નિરાકુળ શાંતિ - આદિ આંતરિક ગુણો તરફ દૃષ્ટિ કરી તેનો મહિમા લાવીએ તે પ્રભુની સાચી ઓળખાણ છે. આ સંદર્ભમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી વચનામૃત - ઉપદેશનોંધ ૨૬માં યોગીશ્વર શ્રી સમંતભદ્રાચાર્ય રચિત 'શ્રી દેવાગમસ્તોત્ર'ની જે વાત કરી છે તે અહીં ઉલ્લેખનીય છે. તે સ્તોત્રના પહેલા જ શ્લોકમાં આચાર્યશ્રી આત્મવિશ્વાસથી પડકાર કરતાં પ્રભુની સાચી ઓળખાણ કરાવે છે, જેનો ભાવાર્થ આમ છે : "હે પ્રભુ, દેવતાઓ પણ તારી સેવા કરે છે એટલા માત્રથી તું અમારા માટે મહાન નથી પરંતુ તારી વીતરાગતાને લક્ષમાં રાખી અમે તને મહાન કહીએ છીએ !" આવી વીતરાગતાના ફળસ્વરૂપે પ્રભુ અમલ, વિમલ ગુણોરૂપી ભંડારના સ્વામી થયા છે. અમલ અર્થાત્ સર્વ કર્મમળથી રહિત - વિકારનો જેમાં અનંતાંશ પણ રહ્યો નથી એવા નિર્મળ. વિમલ અર્થાત્ ઉજ્જવળ. શુદ્ધ ગુણોના સ્વામી. પ્રભુનું જ્ઞાન એટલું ઉજ્જવળ છે કે લોકાલોક તેમાં ઝળકે છે અને આનંદ ગુણ એટલો ઉજ્જવળ છે કે ક્ષણે ક્ષણે તેની પર્યાયમાં અનંત આનંદની છોળો ઉછળે છે. એ રીતે પ્રભુ અનંત અમલ અને વિમલ ગુણોના ભંડાર છે.

સાધકની સાધ્યદૃષ્ટિ એ છે કે પ્રભુના આવા નિર્મળ ગુણોની ઓળખાણ કરી તે સતત પોતાના આત્માને નિર્મળ કરવામાં લાગ્યો રહે છે. પ્રભુના ગુણોનું દર્શન થતાં જ સાથે સાથે તે ગુણોથી વિપરીત એવા પોતાના દોષોનું દર્શન કરી તેને નિરંતર સ્વાત્મનિરીક્ષણ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સદ્ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત આદિ વડે તે દોષોને દૂર કરતો પ્રભુતા તરફ એકએક ડગ માંડે છે. પ્રભુને વંદન કરતી વખતે તેના અંતરમાં ચિંતન, મનન પણ ચાલે છે કે અહો, પ્રભુ પણ અસંખ્યાત ભવો પહેલાં સંસારમાં

હતા, તેમાંથી કઈ રીતે માર્ગ કાઢી ભવાટવીમાંથી છૂટી પ્રભુતાઈ પામ્યા ! બસ, એ જ રીત મારે અપનાવીને પ્રભુ જેવા થવું છે. આમ, તાત્ત્વિક દૃષ્ટિએ, પ્રભુને દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઓળખીને વંદન કરતાં આ નિકટભવી સાધક સદ્ગુરુ અનુગ્રહે માર્ગનો મર્મ પામી, મોહનો નાશ કરી, પ્રભુના અંશને અર્થાત્ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ મોક્ષાધિકારી બની જાય છે. કહ્યું છે ને કે

*"જે જાણતો અર્હંતને, ગુણ દ્રવ્યને પર્યયપણે;*
*તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે."*

(શ્રી પ્રવચનસાર - ગાથા - ૮૦)

કોઈ કોઈ વીરલ જીવ જ આવા તાત્ત્વિક વંદનથી આવું તાત્ત્વિક ફળ પામે છે. તેથી દેવચંદ્રજી તેને ભવિષ્યનો ભગવાન જાણી ધન્ય કહે છે. પ્રભુ-ઓળખાણથી સ્વરૂપની ઓળખાણ થતાં તે સાધક સ્વયં ધન્યતા અનુભવે છે. યથાર્થ પ્રભુવંદનાનો વધુ મહિમા ગાતાં શ્રી દેવચંદ્રજી આગળ કહે છે :

**જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ; જિન૰**
**જગત શરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ.**

**— જિનવર પૂજો૰ ૭**

**શબ્દાર્થ :** જગતના શરણરૂપ એવા જિનેશ્વરના ચરણને જે ઉલ્લાસ ધરીને વંદન કરે છે તેનો આજનો દિવસ સફળ છે અને આ જન્મ કૃતાર્થ છે. (કૃતારથ = કૃતાર્થ, સફળ)

**વિશેષાર્થ :** પ્રભુને વંદન કઈ રીતે કરવા અને તેનું કેવું ઉત્તમ ફળ છે તે હવે વિશેષપણે અહીં દેવચંદ્રજી બતાવે છે. પહેલાં તો પ્રભુનું એક વધુ લક્ષણ બતાવે છે કે પ્રભુ "જગતને શરણરૂપ" છે. જગતના ત્રિવિધ તાપથી ત્રાહિત જીવોને માત્ર એક જિનેશ્વર ભગવાન અને તેમના ચરણ અર્થાત્ તેમની આજ્ઞારૂપ ધર્મ જ શરણરૂપ છે. બાકી સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ આદિ સર્વ અશરણરૂપ છે. 'અશરણભાવના' દર્શાવતી અનાથી મુનિની ચરિત્ર-કથા આ વાત સિદ્ધ કરે છે. (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત 'ભાવનાબોધ' - અશરણભાવના) જગતના જીવમાત્રને મોક્ષનો માર્ગ બતાવી ભવસાગર પાર કરાવવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી શ્રી સંભવનાથ આદિ તીર્થંકર પ્રભુ "જગત શરણ" છે, અનાથના નાથ એવા ત્રિલોકનાથ છે. આવા પ્રભુના ચરણકમળમાં જે સાધક ઉલ્લાસપૂર્વક અત્યંત મહિમા લાવીને વંદન કરે તેનો દિવસ સફળ છે અને તેનો જન્મ કૃતાર્થ થઈ જાય છે. દિવસ સફળ એટલા માટે કે પ્રભુદર્શન કરતાં તેમની પરમ શાંત મુદ્રા તેને આખા દિવસના સંગ-પ્રસંગોમાં શાંત અને સમત્વભાવની પ્રેરણા કરે છે અને તેનો દિવસ સુધરી જાય છે. તેથી જ તો 'દેવપૂજા' ને શ્રાવકના દૈનિક ષટ્-આવશ્યકમાં મૂકી છે. વળી, જે 'સાધ્યદૃષ્ટિ' વાળો સાધક છે તેને તો ઉપરની ગાથાઓમાં કહ્યું તેમ પ્રભુની સાચી ઓળખાણ થઈ હોવાથી તેમજ નિજસત્તામાં પ્રભુ જેવા થવાની સંભાવના જોઈ હોવાથી પ્રભુ પ્રત્યે અત્યંત ઉપકારના વેદનથી સહજપણે અત્યંત ઉલ્લસિત પરિણામથી પ્રભુવંદન કરે છે, પ્રભુભક્તિ કરે છે. તેની વંદના કોઈ ઔપચારિકતા માત્ર નથી. તે તાત્ત્વિક ભક્તિ તેને પરાભક્તિ સુધી પહોંચાડી આત્મદર્શન કરાવે છે. તેથી તેનો આ જન્મ પણ કૃતાર્થ છે, કારણ કે હવે અલ્પ ભવોમાં પ્રભુ જેવા થવાનું બીજ તેણે આ જન્મમાં રોપી દીધું છે. અનંત ભવોની નિષ્ફળતાનું પોતાની ઉલ્લાસમય તાત્ત્વિક ભક્તિથી સાટુ વાળી તેણે આ જન્મને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી કૃતાર્થ કરી નાખ્યો. આવા જિનેશ્વરના લઘુનંદનને જ દેવચંદ્રજીએ આ પહેલાંની ગાથામાં 'ધન્ય' કહી બિરદાવ્યો.

હવે અંતિમ ગાથામાં દેવચંદ્રજી પ્રભુના પારમાર્થિક સ્વરૂપની વધુ ઓળખાણ કરાવે છે, જેથી આપણે વધુ મહિમા લાવી ભક્તિ કરી શકીએ :

**નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ; જિન૰**
**દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ.**

**— જિનવર પૂજો૰ ૮**

**શબ્દાર્થ :** દેવોમાં ચંદ્ર સમાન જિનરાજજીની નિજ સત્તા અનંત ગુણોનું ધામ છે. તે ગુણો પોતાના સ્વભાવમાં સ્થિત છે. એવા જિનેશ્વર શુદ્ધ છે, સિદ્ધ છે, સુખની ખાણ છે. (નિજ સત્તા = પોતાની ચૈતન્ય સત્તા; નિજ ભાવ = સ્વભાવ; ઠાણ = સ્થળ, સ્થાન, ઘર; સુખખાણ = સુખનો ભંડાર)

**વિશેષાર્થ :** દેવોમાં પણ ચંદ્ર સમાન અર્થાત્ સર્વ જ્ઞાની ભગવંતોમાં અને કેવળી ભગવંતોમાં પણ આપણા હિતોપદેશક તરીકે જે શ્રેષ્ઠ એવા શ્રી સંભવનાથ આદિ જિનરાજ, તીર્થંકર ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ અહીં બતાવ્યું છે, જેથી કેવા ભગવાન મારા આદર્શરૂપ, મારા ધ્યાનના ધ્યેયરૂપ હોવા જોઈએ તેનો લક્ષ બંધાય છે.

પ્રભુ 'નિજસત્તામાં નિજભાવથી' અર્થાત્ પોતાના જ શુદ્ધ સ્વભાવના આશ્રયથી પોતાની ચૈતન્યસત્તામાં અખંડપણે નિમગ્ન રહે છે. ચૈતન્યસત્તા એટલે અનંત ગુણ-પર્યાયાત્મક આત્માનું અસ્તિત્વ જેને શાસ્ત્રોક્ત પરિભાષામાં 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' કહે છે. પ્રભુની ચૈતન્યસત્તા અનંત ગુણોનું ધામ છે, રહેઠાણ છે અને તે અનંત ગુણો પણ નિજભાવથી એટલે પોતાના મૂળ સ્વભાવપણે પરિણમી રહ્યાં છે. જ્ઞાન ગુણ તેના મૂળ સ્વભાવપણે હવે પરિપૂર્ણ રૂપથી સ્વ-પર પ્રકાશક થઈ સ્વને તેમજ લોકાલોકને જાણે છે. દર્શનગુણ તેના નિજભાવને અનુસરી સ્વ-પર સત્તાને પરિપૂર્ણરૂપે પ્રતિભાસે છે. ચારિત્રગુણ સંપૂર્ણપણે આત્મસ્થિરતારૂપ પરિણમે છે. સુખગુણ સ્વભાવગત અનંત અખંડ સ્વાધીન નિરાકુળ આનંદરૂપે પરિણમે છે અને વીર્યગુણ સ્વભાવગત અનંત શક્તિના બળે આ અનંત ગુણોને આત્મસત્તામાં ટકાવી રાખે છે. નિજસત્તા અનંત ગુણોવાળી તો સર્વ સંસારી જીવમાં છે પણ તે વિભાવપણે પરિણમે છે. જ્યારે જિનેશ્વરદેવની નિજસત્તાના અનંતગુણો આ રીતે નિજભાવે, સ્વભાવપણે પરિણમે છે.

આમ, નિજસત્તામાં રમણ કરતા સંભવનાથ પ્રભુ સર્વ કર્મમળ રહિત શુદ્ધ અનંત ગુણોના સ્વામી હોવાથી તેમને 'શુદ્ધ' કહ્યા . સ્વરૂપમાં પૂર્ણકામતા, અને કૃતકૃત્યતા વર્તતી હોવાથી પ્રભુ સર્વ સિદ્ધિને વર્યા છે તેથી 'સિદ્ધ' કહ્યાં. સુખગુણ પણ સ્વભાવગત અનંતપણું પામ્યો હોવાથી સમયે સમયે તેમાંથી અનંત આનંદની પર્યાય પ્રગટે છે, જેનો ભોગવટો અનંત કાળ સુધી પ્રભુ કરતાં રહેશે એવો કદી ન ખૂટે એવો સુખનો ભંડાર પ્રભુની આત્મસત્તામાં હોવાથી પ્રભુને અહીં 'સુખખાણ' કીધા.

આવા વીતરાગ દેવની સ્તવનમાં જણાવ્યા પ્રમાણે તાત્ત્વિકપણે, ઉલ્લાસપૂર્વક એકનિષ્ઠાથી સ્તવના, વંદના, પૂજના થાય તો અવશ્ય આપણા જન્મ-મરણના ફેરા ટળે એવી ભાવનાથી શ્રી દેવચંદ્રજી મહારાજ ''પૂજો, પૂજો રે ભવિકજન પૂજો'' એમ સ્વ-પરકલ્યાણકારી આહ્‌વાન કરી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે.

ગણિશ્રી દેવચંદ્રજીએ આખા સ્તવનને પ્રભુના ગુણગાન કરી ભક્તિરસથી છલોછલ ભરી દીધું છે. એટલું જ નહિ, નિમિત્ત - ઉપાદાન અને કારણ - કાર્યનો સંબંધ વ્યવસ્થિતપણે સમજાવી પ્રભુભક્તિનો મહિમા અને પ્રભુવંદનાની રીત બતાવી આપણને મુક્તિ અપાવે તેવી ભક્તિમાં આરૂઢ કર્યા છે તે માટે ગણિશ્રીને કોટિ કોટિ વંદન ઘટે છે. ગણિશ્રીએ બતાવેલી રાહે ચાલીને શ્રી સંભવનાથ આદિ તીર્થંકરોના ચરણનું શરણ લઈ આ અમૂલ્ય મનુષ્ય જન્મ કૃતાર્થ કરીએ એ જ મંગળ ભાવના સાથે આ સ્તવનની વિચારણા અહીં સમાપ્તિને પામે છે. ગણિશ્રીના આશયથી કંઈપણ વિપરીત ભણાયું હોય તો શ્રી દેવ-ગુરુ-ધર્મની સાક્ષીએ ક્ષમાપ્રાર્થી છું.

॥ ૐ શાંતિ : શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
## (ક્રમાંક - ૮)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

★ **બ્રહ્મચર્યાણુવ્રતના અતિચાર :-** જે ક્રિયાઓથી બ્રહ્મચર્યાણુવ્રતનો એકદેશ ભંગ થઈ જાય છે તેને અતિચાર કહે છે. બ્રહ્મચર્યાણુવ્રતના મુખ્યરૂપથી પાંચ અતિચાર કહ્યા છેઃ-

**''परविवाहकरणेत्वरिकापरिगृहीतापरिगृहीता-गमनानङ्गक्रीडाकामतीव्राभिनिवेशाः ॥''**

અર્થાત્ પરવિવાહકરણ, પરિગૃહીતેત્વરિકા-ગમન, અપરિગૃહીતેત્વરિકાગમન, અનંગક્રીડા અને કામતીવ્રાભિનિવેશ આ પાંચ બ્રહ્મચર્યાણુવ્રતના અતિચાર છે.

(૧) **પરવિવાહકરણ :** જે પોતાના ઉત્તરદાયિત્વમાં નથી એવા બીજાના પુત્ર-પુત્રીઓના લગ્ન કરાવવા તે પરવિવાહકરણ કહેવાય છે. એવું કરવાથી અન્યો દ્વારા સેવિત અબ્રહ્મની અનુમોદના થાય છે માટે એ અનુમોદનાની અપેક્ષાએ અતિચાર કહ્યો છે.

(૨) **પરિગૃહીતેત્વરિકાગમન :** પરિગૃહીતાનો અર્થ વિવાહિતા છે તથા ઈત્વારિકાનો અર્થ વ્યભિચારિણી છે અને ગમનનો અર્થ કામસંબંધ રાખવો છે. અર્થાત્ અન્ય વિવાહિત વ્યભિચારિણી સ્ત્રી સાથે (તેવા જ પુરુષ સાથે) અનૈતિક સંબંધ રાખવો પરિગૃહિતેત્વરિકા-ગમન અતિચાર કહેવાય છે.

(૩) **અપરિગૃહિતેત્વરિકાગમન :** અપરિગૃહિતે-ત્વરિકા અર્થાત્ પતિરહિત (અવિવાહિતા કે વિધવા) વેશ્યા આદિ વ્યભિચારિણી સ્ત્રી આદિ સાથે અનૈતિક સંબંધ રાખવો તે અપરિગૃહીતેત્વરિકાગમન અતિચાર કહેવાય છે. વિશેષ ધ્યાન રાખવા યોગ્ય એ છે કે વેશ્યા, કુંવારી, વિધવા તથા પરિણિતા ક્રમશઃ વધારે-વધારે પાપના કારણ છે. અર્થાત્ અપેક્ષાકૃત વેશ્યાથી કુંવારી સાથે, કુંવારીથી વધારે વિધવા સાથે તથા વિધવાથી વધારે વર્તમાન પતિસહિત પરણિતા સાથે અનૈતિક સંબંધ રાખવાથી ઉત્તરોત્તર અનેક ગણા વધારે પાપનો બંધ થાય છે. કારણ કે નૈતિકતા અને અનૈતિકતાનો માપદંડ સ્વામિત્વ અને અસ્વામિત્વ સાથે છે. વેશ્યા સ્વામિત્વ રહિત છે તેથી અપેક્ષાકૃત ઓછું, કુંવારી વર્તમાનમાં સ્વામિત્વ (પતિ) રહિત છે પરંતુ ભવિષ્યમાં થવાની સંભાવના છે તેથી વધારે અને વિધવા વર્તમાનમાં પતિરહિત છે પરંતુ ભૂતકાળમાં તે સ્વામિત્વ સહિત હતી અને તેનું સ્વામિત્વ વર્તમાનમાં પણ માનવામાં આવે છે. તેથી તે કુંવારીથી વધારે પાપનું કાર્ય છે અને પરણિતા વર્તમાનમાં જ સ્વામિત્વ સહિત છે તેથી સર્વાધિક પાપનું કારણ છે. અહીં પાપબંધ અપેક્ષાકૃત ઓછો વધારે છે, બાકી તો સર્વ મહાપાપ જ છે.

(૪) **અનંગક્રીડા :-** જે કામસેવન માટેનું નિયત અંગ નથી તેને અનંગ કહે છે તેમાં કામક્રીડા કરવી તેને અનંગક્રીડા કહે છે. અર્થાત્ કામસેવનના નિયત અંગોને છોડીને માત્ર મનોરંજન કે અતિ ભોગાસક્તિને વશીભૂત થઈને અન્ય અંગોથી કામ ક્રીડા કરવી તે અનંગક્રીડા અતિચાર કહેવાય છે. આ કાર્ય પ્રકૃતિ વિરુદ્ધ છે અને પ્રકૃતિ વિરુદ્ધ કાર્ય અતિ ભોગાસક્તિ વિના થઈ શકતું નથી માટે આને અતિચાર માન્યો છે, ચાહે તે પોતાની પત્ની કે પતિ સાથે કર્યો

હોય તો પણ તે અતિચાર જ છે.

(૫) **કામતીવ્રાભિનિવેશા :-** પોતાની પત્ની કે પતિ સાથે પણ કામસેવનની તીવ્ર અભિલાષા રાખવી કે જેમાં સમય, શરીર સ્વાસ્થ્ય, લોકલાજ, સામેવાળાની ઇચ્છા-અનિચ્છા આદિ કાંઈ જ ધ્યાનમાં ન રાખવી તેને કામતિવ્રાભિનીવેશા કહેવાય છે. અત્યંત નિર્દય તથા કામાતુર પરિણામોને કારણે તે અતિચાર મનાયો છે.

આશય એ છે કે કોઇપણ પ્રકારની સાધના માટે સામર્થ્ય (શક્તિ)ની અનિવાર્યતા છે. માત્ર ભાવનાથી કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી. તેનામાં શક્તિ જોઇએ અને શક્તિનું મૂળ વીર્ય છે. વીર્ય દ્રવ્ય અને ભાવ એ બે ભેદોથી યુક્ત છે. શારીરિક, વાચિક તથા માનસિક શક્તિઓનું મૂળ દ્રવ્યવીર્ય છે તથા આત્મગુણોના સ્ફૂરણનું મૂળ ભાવવીર્ય છે. પૌદ્‌ગલિક દ્રવ્ય વિશેષ દ્રવ્યવીર્ય છે તથા શક્તિ વિશેષને ભાવવીર્ય કહે છે. દ્રવ્યવીર્ય અને ભાવવીર્યનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. દ્રવ્યવીર્યના સંરક્ષણથી શક્તિરૂપ ભાવવીર્ય નું સ્ફૂરણ થાય છે. અન્ય જ્ઞાનાદિ ગુણોના વિકાસમાં આવશ્યક શક્તિની અનિવાર્યતા છે. શક્તિ વિના કોઇ પણ ગુણ વિકસિત થઇ શકતો નથી; સુષુપ્ત અવસ્થામાં પડી રહે છે. માટે સાધનાનો મૂળ આધાર વીર્યાચાર કહ્યો છે. એવું જાણીને મન, વચન, કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવાના ઉદ્યમમાં લાગી જવું જોઇએ. કાયિક મૈથુન ત્યાગથી દ્રવ્યવીર્યનું સંરક્ષણ તથા સંવર્ધન થાય છે અને કામભાવોના ત્યાગથી ભાવવીર્યનું સ્ફૂરણ થાય છે.

## (૫) પરિગ્રહ-પરિમાણાણુવ્રત :

**"હું મારા સામાન્ય જીવનનિર્વાહ માટેની આવશ્યક વસ્તુઓને છોડીને બાકીની વસ્તુઓનો ત્યાગ કરું છું."** આ પ્રકારની પ્રતિજ્ઞાને પરિગ્રહ-પરિમાણાણુવ્રત કહે છે. અથવા ભોગોપભોગની વસ્તુઓની મર્યાદા કરી દેવી તેને પરિગ્રહ-પરિમાણાણુવ્રત કહે છે. અથવા પોતાની આવશ્યકતા સિવાયની શેષ વસ્તુઓમાં મારાપણાની અર્થાત્ સ્વામિત્વનો ત્યાગ કરી દેવો પરિગ્રહપરિમાણાણુવ્રત છે. સ્વામિત્વનો ત્યાગ અને વસ્તુની મર્યાદા આ બે પરિગ્રહપરિમાણાણુવ્રતના પ્રધાન લક્ષણો છે.

**"प्रमत्तयोगात् मूर्च्छा: परिग्रहा"** આ આગમ વચન અનુસાર પરિગ્રહનું મૂળ લક્ષણ મૂર્ચ્છાભાવ છે. મૂર્ચ્છા નામ બેભાનીનું છે અને બેભાનીનો આશય અજાગૃતિથી છે. સ્વ-પરનો ભેદ ન હોવો તે અજાગૃતિનું સ્વરૂપ છે. મૂર્ચ્છાભાવમાં જીવ સ્વ-પરનો ભેદ કરી શકતો નથી અને પરમાં સ્વનું આરોપણ કરીને પરદ્રવ્યોમાં સ્વામિપણાની બુદ્ધિથી મમત્વભાવ કરે છે. આ મમત્વભાવ જ વાસ્તવમાં પરિગ્રહ છે, બાહ્ય વસ્તુઓ નહીં. બાહ્ય વસ્તુઓ તો માત્ર મમત્વભાવમાં નિમિત્ત છે, પરંતુ તથારૂપ નિમિત્તના અભાવમાં તથારૂપ ભાવ પણ જાગ્રત થતા નથી આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને મમત્વભાવની ઉત્પત્તિમાં નિમિત્ત બાહ્ય વસ્તુઓના ત્યાગનો ઉપદેશ જિનદેવે કર્યો છે. તેનું સંપૂર્ણ સ્વરૂપ સર્વસંગપરિત્યાગ છે તથા આંશિક સ્વરૂપ પરિગ્રહપરિમાણાણુવ્રત છે.

પરિગ્રહના સ્વરૂપનો વિચાર કરીએ તો તેને ચાર શ્રેણીઓના રૂપે સમજી શકાય.

### ★ પરિગ્રહની ચાર શ્રેણીઓ :-

(૧) **અબદ્ધનોકર્મરૂપ પરિગ્રહ :-** જે આપણાથી સ્પષ્ટ ભિન્ન છે એવા સ્ત્રી, પુત્ર, મકાન, કૂવા, નદી, ગ્રામ, નગર, દેશ આદિમાં મારાપણું કે મમત્વભાવ તે અબદ્ધ નોકર્મરૂપ પરિગ્રહ છે.

(૨) **બદ્ધનોકર્મરૂપ પરિગ્રહ :-** શરીર, વાણી, ઇન્દ્રિયો આદિ જે આત્મા સાથે એક ક્ષેત્રાવગાહરૂપે બંધાયેલ છે, પરંતુ આત્માથી ભિન્ન છે તેમાં મારાપણું કે મમત્વનો ભાવ રાખવો તે બદ્ધનોકર્મરૂપ પરિગ્રહ છે.

(૩) **દ્રવ્યકર્મરૂપ પરિગ્રહ :-** જેના ઉદયના નિમિત્તથી આત્મામાં અજ્ઞાન, અદર્શન, મોહ, કષાય આદિ ભાવ થાય છે તેવા પૌદ્‌ગલિક દ્રવ્યકર્મ કે જે આત્માથી ભિન્ન સ્વભાવવાળા છે તેમાં મારાપણું કે મમત્વ ભાવ રાખવો તે દ્રવ્યકર્મરૂપ પરિગ્રહ છે.

(૪) **ભાવકર્મરૂપ પરિગ્રહ :-** દ્રવ્યકર્મના ઉદયના નિમિત્તથી આ આત્મામાં જે શુભાશુભભાવ થાય છે કે જે આત્માના જ છે પરંતુ આત્માના સ્વભાવભૂત નથી એવા ભાવકર્મોમાં મારાપણું કે મમત્વનો ભાવ રાખવો તે ભાવકર્મ રૂપ પરિગ્રહ છે.

ઉપરોક્ત ચારેથી આત્મા ચારે બાજુથી બંધનને પ્રાપ્ત થાય છે માટે તેને પરિગ્રહ કહેવાય છે. તેનાથી આંશિકરૂપે મુક્ત થવું તે પરિગ્રહ-પરિમાણાણુવ્રતનું પ્રયોજન છે.

★ **પરિગ્રહ ત્યાગની ભાવનાઓ :-**

પરિગ્રહ ત્યાગ વ્રતમાં સ્થિર રહેવા માટે પાંચ ભાવનાઓ કહી છે :

**''मनोज्ञामनोज्ञेन्द्रियविषयरागद्वेषवर्जनानिपञ्च''**

અર્થાત્ સ્પર્શન આદિ પાંચ ઇન્દ્રિઓના ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં ક્રમશઃ રાગ અને દ્વેષનો ત્યાગ કરવો આ પાંચ પરિગ્રહત્યાગવ્રતની ભાવનાઓ છે. અહીં રાગ-દ્વેષનાં ત્યાગનો અર્થ છે આ વિષય સારો છે અને આ વિષય ખરાબ છે આ પ્રકારના અભિપ્રાયનો ત્યાગ કરવો.

(૧) **સ્પર્શેન્દ્રિયના વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ :-** શીત, ઉષ્ણ, કોમળ, કઠોર, ચીકણો, લુખો, હલકો-ભારે આ આઠ સ્પર્શેન્દ્રિયના વિષય છે. આમાં આ સારું છે અને આ ખરાબ છે એવા અભિપ્રાયનો ત્યાગ કરવો તે પ્રથમ ભાવના છે.

(૨) **રસનેન્દ્રિયના વિષયમાં રાગ-દ્વેષનો ત્યાગ :-** ખાટો,મીઠો, કડવો, કસાયેલો (તુરો) અને તીખો આ પાંચ રસનાઇન્દ્રિયના વિષય છે. આમાં આ રસ સારો છે અને આ ખરાબ છે એવા અભિપ્રાયનો ત્યાગ કરવો તે બીજી ભાવના છે. **(ક્રમશઃ)**

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૫ પરથી ચાલુ...)**

મંદિરમાં નિવાસ કરતાં મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. આ મોક્ષરૂપ પરમાનંદ મંદિરનો દરવાજો સામ્યભાવ છે. જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી સામ્યભાવ પ્રગટે છે. સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે. વિકસે છે. નંદનવનમાં અનેક વૃક્ષોના વિવિધ પ્રકારના પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.''

''તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા અનુભવ તેહને,
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.''

આવી પરમદશાની પ્રાપ્તિનો ઉપાય આ શ્લોકમાં આચાર્યદેવે કહ્યો છે,

- 'ઈન્દ્રિયો સર્વ રોકીને, કરીને સ્થિર ચિત્તને;
  જોતાં જે ક્ષણમાં ભાસે, પરમાત્મ સ્વરૂપ તે.
  **- પૂ. બ્રહ્મચારીજી**
- ''ઈન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિર રૂપ;
  ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મ સ્વરૂપ.
  **- શ્રી છોટાલાલભાઈ ગાંધી**
- निश्चिन्त हो निडर, निश्चल अन्तरात्मा,
  व्यापार रोक करणावलिका महात्मा ।
  जो भी जभी निखरता अरु जानता है,
  शुद्धात्मतत्त्व उसको वह भासता है ॥
  **- પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

● ● ● **(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
**(ક્રમાંક - ૩૧)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## તીર્થંકર પ્રભુનો વિશિષ્ટ અતિશય - ધર્મોપદેશ અને સમવસરણ

**• મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !**
**धर्मोपदेशन विधौ न तथा परस्य ।**
**यादृक प्रभा दिनकृतः प्रहतान्धकारा,**
**तादृक् कुतो ग्रहगणस्य विकासिनोऽपि ॥३७॥**

**• શબ્દાર્થ :** इत्थं - આ રીતે, આ પ્રકારે, यथा - જેવી, જે પ્રકારની, तव - તારી, તમારી, विभूतिः - સમૃદ્ધિ, અતિશયરૂપી સમૃદ્ધિ, अभूत - થઈ હતી, जिनेन्द्र ! - (હે) જિનેશ્વર !, धर्म - ધર્મનો, उपदेशन - દેશના વખતે, विधि - વિધિ, ક્રિયા, धर्मोपदेशनविधौ - ધર્મનો ઉપદેશ (દેશના) આપતા સમયે ( સમવસરણમાં), न - થઈ નથી, तथा - તેવી, તે પ્રકારની, परस्य - બીજાની, બીજા ધર્મ પ્રવર્તકોની, બીજા (લૌકિક) દેવોની, यादृक् - જેવી (પ્રભા), જેવો (પ્રકાશ), प्रभा - પ્રભા, પ્રકાશ, दिनकृतः - સૂર્યની, સૂર્યનો, प्रहत् - નાશ પામેલ છે, નાશ કરનાર, अन्धकारा - અંધકારનો, प्रहतांधकारा - અંધકારને નષ્ટ કરનાર, तादृक् - તેવી (પ્રભા), તેવો (પ્રકાશ), कुतः - ક્યાંથી, ग्रहगणस्य - ગ્રહસમૂહની(નો), विकासिनः - ઉદય પામેલ, વિકસેલ, अपि - પણ.

**• સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**દીસે એવી પ્રભુજી ! વિભૂતિ આપ કેરા ખજાને,**
**દેતા જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;**
**જેવી ક્રાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,**
**તેવી ક્યાંથી ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે ?(૩૭)**

**• ભાવાર્થ :** હે જિનેશ્વર દેવ ! આ રીતે તમારી ધર્મદેશના વખતે અતિશયોની જેવી સમૃદ્ધિ પ્રગટ થઈ હતી, તેવી સમૃદ્ધિ બીજા કોઈ (અન્ય, લૌકિક દેવો)ની ધર્મદેશના પ્રસંગે થયેલી નથી. સૂર્યનો પ્રકાશ(પ્રભા) અંધકારનો જેટલો નાશ કરે છે, તેટલો ઉદય પામેલ (વિકસિત) ગ્રહોનો સમૂહ પણ ક્યાંથી કરી શકે ? (તાત્પર્ય કે નથી કરી શકતો).

**• વિશેષાર્થ / પરમાર્થ :** વિશ્વના માનવ ઈતિહાસમાં વિભૂતિવાળા ધર્મગુરુઓએ જે ધર્મતંત્ર (સંપ્રદાય) સ્થાપિત કર્યા છે તેનું પ્રધાન કારણ તેમનો ઉપદેશ છે. માનવજાતિમાં સમયે સમયે જે જાગૃતિ/ઉત્ક્રાન્તિ થઈ છે તે ઉપદેશ પર આધારિત છે. ઉપદેશના આધાર પર જ સમાજની રચના થાય છે. ઉપદેશ જેટલો શક્તિશાળી, પ્રભાવક અને તત્ત્વજ્ઞાન પર આધારિત હોય તેટલા પ્રમાણમાં ધર્મ પરિણમે (પ્રબળ નિમિત્ત અપેક્ષાએ).

આ શ્લોકનો પહેલો શબ્દ 'ઇત્થં' બહુ માર્મિક છે. ભૂતકાળ અને વર્તમાનકાળમાં તીર્થંકરોના અતિશયોની જે પરંપરા ચાલી આવી છે તેથી તેઓ પૂજ્ય બને છે (વ્યવહારથી, નિશ્ચયથી તો પૂજ્યતા વીતરાગતાથી છે). ત્રણ લોકમાં જેનો પરાભવ ન થઈ શકે તેવી અલૌકિક પ્રવચન-ધારા (દેશના) સમવસરણમાં વહેતી હોય છે. આ જિન (દિવ્ય) વાણીમાં વિભૂતિયોગ હોય છે. આચાર્યશ્રી કહે છે કે, હે પ્રભો ! તીર્થંકરની પરંપરામાં તમારો વચનાતિશય અનુપમ છે.

ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચાર્યે વિવિધ સ્થળે અને વિવિધ સ્વરૂપે (નામ, ઉપમા, ગુણો, વિશેષતા, દૃષ્ટિકોણ, ખામીઓ, જન-સામાન્યની

પરિચિતતા, રોજિંદા જીવનમાં સ્થાન) સૂર્યની વાત કરી છે. આ શ્લોક - ૩૭માં 'દિનકર' અને તેના અંધકારનાશક તેજ-કિરણો સંબોધેલ છે. હકીકતમાં રાત્રિ અને દિવસનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. બંનેમાં સૂર્યની લીલા છે. સૂર્યની હાજરી તે દિવસ અને ગેરહાજરી (વાદળાથી ક્ષણિક ઢંકાય તેની વાત નથી) તે રાત્રિ કહેવાય છે. જૈન આચાર પદ્ધતિમાં સૂર્યની ઉપસ્થિતિ મહત્વપૂર્ણ છે. ઉદયથી અસ્ત દરમિયાન જ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા નિયમપૂર્વક આહાર ગ્રહણ કરે. સૂર્યકિરણોના અભાવમાં વાયુમંડળ ઝેરી બની જાય છે એમ વિજ્ઞાન પણ કહે છે. જૈનદર્શન પ્રમાણે રાત્રે ચારે પ્રકારના આહારમાં તેવા જ રંગના તમસ્કાય નામના ત્રસ (સમ્મૂર્ચ્છિમ) જીવો ઉત્પન્ન થઈ જાય છે, જે આત્મા (હિંસા, પાપ) અને શરીર (રોગજનક) માટે હાનિકારક છે. તેથી જ ભગવાને રાત્રે ચોવિહાર અને ઉદય-અસ્ત વખતે બે-બે ઘડી અનુક્રમે મોડા (નવકારશી) - વહેલા આહાર વાપરી લેવાની આજ્ઞા કરેલ છે. માનતુંગાચાર્યે સૂર્યપ્રકાશની પ્રભુના જ્ઞાનપ્રકાશ સાથે તુલના કરેલ છે. વાસ્તવમાં સૂર્યનો દ્રવ્યપ્રકાશ દૃષ્ટિગોચર છે, જ્યારે પ્રભુનો જ્ઞાનપ્રકાશ અનુભવગમ્ય છે.

આ શ્લોકમાં આચાર્યશ્રીએ ધર્મ, ઉપદેશ અને વિધિ, આ ત્રણ શબ્દોનું સુંદર સંયોજન કરેલ છે. ધર્મની સ્થાપના કરનારા ઘણા દર્શન કે સંપ્રદાય હોય છે, પરંતુ તેમાં ધર્મના વિશુદ્ધ સ્વરૂપને બદલે આંશિક સત્ય હોય છે (અપૂર્ણ અને સદોષ). મિશ્રિત ધર્મના પરિહાર માટે ઉપદેશવિધિ (સર્વજ્ઞતા અને વીતરાગતા)નું અવલંબન લીધું છે. આચાર્ય કહે છે કે, હે પ્રભુ ! ધર્મ, તેનો ઉપદેશ અને ઉપદેશની વિધિ - આ ત્રણે તત્ત્વોમાં તમે અનુપમ - અદ્વિતીય છો. અહીં ત્રિવિધ વિશુદ્ધિકરણનો ભાવ છે.

સંપૂર્ણ શ્લોક ભક્તિયોગના પ્રવાહમાં પ્રવાહિત છે, અને દેવાધિદેવ તીર્થંકર ભગવંત ઋષભદેવનો મહિમા જુદી જુદી રીતે પ્રગટ કરીને તેમના ગુણગાનની સરિતામાં આપણને સ્નાન કરાવે છે. ધર્મથી શુદ્ધ આત્માનો બોધ થાય છે. ધર્મ છે તે આત્મા છે અને આત્મા છે તે ધર્મ છે. ચૈતન્ય (સચેતન)ના ભાવ અક્ષરદેહ (શબ્દબ્રહ્મ)માં રૂપાંતરિત થાય ત્યારે તે ઉપદેશના રૂપમાં પ્રવહે છે. પરંતુ આ ઉપદેશને ગ્રહણ કરવા માટે વિશેષ વિધિનું કથન સાધનાશાસ્ત્રોમાં છે, જેને બ્રહ્મનાદ કહે છે. બ્રહ્મનાદ ગ્રહણ કરવા (બોધશ્રવણ અને પરિણમન) માટે જિનેન્દ્ર પ્રભુની સાધના-પદ્ધતિ-બોધ સર્વોત્તમ છે.

પાંચ યમ (જીવનપર્યંત - અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ)ની શુદ્ધિ પછી પાંચ નિયમ (મર્યાદિત સમય - શૌચ, સંતોષ, તપ, સજ્ઝાય, ઈશ્વર પ્રણિધાન/ધ્યાન)નું અવલંબન લઈને, આસનસિદ્ધિ કરીને, પ્રાણ (આત્મા)ને મન સાથે જોડીને, જ્ઞાનમાંથી ધ્યાનમાં પ્રવેશ કરીને, સ્થિર થયા પછી, આત્મામાંથી નીકળતો ઉપદેશ અથવા બ્રહ્મનાદ સાંભળી / અનુભવી શકાય છે.

સ્થૂળ દૃષ્ટિથી આ શ્લોક બાહ્ય વિધિ-વૈભવ દર્શક હોવા છતાં હકીકતમાં તો તે આધ્યાત્મિક વિધિને જ પ્રદર્શિત કરે છે. બાહ્ય વિધિમાં તો કોઈ ખાસ અલૌકિક ભાવ હોતો નથી, માત્ર પરંપરા હોય છે. પરંતુ વિધિ (સાધના, ઉપદેશ, ચૈતન્યભાવ) જ્યારે લોકોત્તર ભાવ પ્રગટ કરે ત્યારે તે અનુપમ બની જાય છે. આ શ્લોક લોકોત્તર ભાવક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે વિધિની વિશેષતા બતાવે છે.

શ્રી જિનેશ્વરદેવના વિશિષ્ટ પ્રાતિહાર્યો તથા વિહારસમયનું વર્ણન કર્યા પછી હવે માનતુંગાચાર્ય તેમની ધર્મોપદેશવિધિ કેવી ભવ્ય અને અપૂર્વ હોય છે તેનું ચિત્રણ કરે છે. તેઓશ્રી કહે છે કે, હે ભગવાન ! તમે જ્યારે ધર્મોપદેશ દેવાના હોય ત્યારે

દેવો દ્વારા ચાર યોજન પ્રમાણ ભૂમિમાં અદ્‌ભુત સમવસરણની રચના થાય છે. તેના ફરતા ત્રણ ગઢ હોય છે - પહેલો રૂપાનો, બીજો સોનાનો, ત્રીજો રત્નનો. તમે જ્યારે એ સમવસરણમાં દેવોએ વિકુર્વેલા (રચેલા) ઊંચા અશોકવૃક્ષની નીચે મણિમય સિંહાસન પર બિરાજો છો ત્યારે પંચરંગી પુષ્પની વૃષ્ટિ થાય છે, દિવ્યધ્વનિ (ઉપચારથી ૐકાર) પ્રગટ થાય છે, બંને બાજુ ચામરો વિંઝાય છે, તમારા મસ્તકની પાછળ તેજના વર્તુળરૂપ ભામંડળ રચાય છે, મસ્તકની ઉપર ત્રણ છત્રો ધરાય છે અને દેવદુંદુભિ જયનાદ કરવા લાગે છે. વળી એ સમયે તમે ચતુર્મુખી દેખાવ છો એટલે કે તમારી ચારે બાજુ નર-નારીઓ તથા દેવ-દેવીઓનો જે સમૂહ બેઠેલો હોય છે, તેને તમે સન્મુખ દેખાવ છો. એ વખતે તમારી વાણીની મધુરતા અનોખી હોય છે. તે વાણી વડે જે ઉપદેશ દેવાય છે, તે સહુ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. વળી એ વખતે અહિંસા-વિશ્વપ્રેમનું વાતાવરણ એટલું જોરદાર હોય છે કે તમારા સમવસરણમાં હરણ બેઠું હોય અને તેની પાસે સિંહ આવે અથવા સાપ પાસે નોળિયો કે ઉંદર પાસે બિલાડી આવી જાય તો તેઓ ચૂપચાપ બેસી જાય છે. એ વખતે તેમને પોતાના ભક્ષ્ય એવા પ્રાણીઓને મારવાની જન્મજાત વૃત્તિ બિલકુલ થતી નથી. વળી, જ્યાં તમારી ધર્મદેશના નિમિત્તે સમવસરણ રચાય છે, તેની આસપાસના વિસ્તારમાં બધા ઉપદ્રવો વિરામ પામી જાય છે અને સ્વચક્રનો ભય પણ રહેતો નથી. અન્ય કોઈ ધર્મપ્રવર્તક (કે દેવ)ની દેશના વખતે આ પ્રકારનું સમવસરણ અને અદ્‌ભુત વાતાવરણ જોવામાં આવતું નથી.

મહાન દિગંબર આચાર્ય શ્રી સમંતભદ્ર (ઇ.સ. બીજી સદી) 'અષ્ટસહસ્રી'માં કહે છે કે, હે પ્રભુ ! દેવોનું આગમન, દેવવિમાનો, ચામરો વગેરે અતિશયરૂપી સમૃદ્ધિઓ તો માયાવી પુરુષોમાં પણ દેખાય છે. એના પ્રગટવાથી અમે તમને મહાન નથી માનતા પરંતુ આ બધી સમૃદ્ધિ પ્રગટતી હોવા છતાં પણ તમે તેનાથી જે રીતે નિર્લેપ રહો છો તેવી આપની પરમ વીતરાગદશાથી અમે આપને સૌથી મહાન માનીએ છીએ.

મહોપાધ્યાય મેઘવિજયજીએ તેમની 'ભક્તામર વૃત્તિ'માં કહ્યું છે કે ગમે તેવો સિદ્ધહસ્ત માયાવી પુરુષ પણ જિનેશ્વરના સમવસરણની, તેની વિભૂતિની કે ભગવાનના રૂપની તુલના લાખમાં ભાગે પણ કરી શકતો નથી. તાત્પર્ય કે દેશના સમયની જિનેશ્વરદેવની વિભૂતિ અપૂર્વ-અજોડ હોય છે.

આ વિશ્વમાં 'જિનપદ'એ સર્વશ્રેષ્ઠ પદ છે. અરિહંત જેવો પુણ્યોદય કોઈનો હોતો નથી. તેનું કારણ અરિહંત પરમાત્માએ પૂર્વજન્મમાં, **'સવી જીવ કરું શાસન રસી, ઐસી ભાવદયા મન ઉલ્લસી'**, એ ભાવના ઉત્કૃષ્ટપણે ભાવી હોય છે. એ સાથે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાના ૨૦ બોલની સાધના કરેલ હોય છે, જેના પરિણામે તેઓને તીર્થંકરપદ (નામકર્મ, ગોત્ર) પ્રાપ્ત થાય છે. ત્રણ જ્ઞાન, મતિ-શ્રુત-અવધિ, સાથે લઈને જન્મે છે. ૩૪ અતિશયો માંહેના કેટલાક જન્મથી હોય, કેટલાક કેવળજ્ઞાની અરિહંત બને ત્યારે પ્રગટે અને કેટલાક દેવકૃત હોય છે. અહીં જે અશોકવૃક્ષ, રત્નસિંહાસન વગેરે અષ્ટ પ્રાતિહાર્ય તથા વિહાર સમયે સુવર્ણકમળની રચના વગેરે દ્વારા આચાર્યશ્રીએ સ્તુતિ કરી તે બધો વૈભવ તેઓના પૂર્વભવના ઉત્કૃષ્ટ શુભભાવનું ફળ છે. તેઓ આ વિશ્વમાં માત્ર સ્વકલ્યાણ માટે જ જન્મ્યા નથી હોતા પરંતુ સ્વ-પર કલ્યાણક, વિશ્વના ઉદ્ધારક, સર્વ જીવોના કલ્યાણ મિત્ર, વાત્સલ્યના સાગર, દયાના ભંડાર, કરુણાના નિધિ અને અજ્ઞાનરૂપી અંધકારનાશક ભવ્ય ભાસ્કર બનીને આવેલા હોય છે. તેઓની પાસે જે પૂર્ણ જ્ઞાન છે, પરમ વીતરાગતા છે, તે અન્ય સરાગી દેવ-દેવીઓમાં હોતા નથી

અને તેથી જ અન્ય દેવો પાસે આવી ધર્મોપદેશની વિભૂતિ-શોભા પણ નથી હોતી.

આચાર્યશ્રી ઉપમા આપતા કહે છે કે ઉદય થતા ગ્રહો, નક્ષત્રો અને તારાઓ હજારો-લાખો કે અબજોની સંખ્યામાં હોય તો પણ તે બધા ભેગા મળીને રાત્રિના અંધકારને નષ્ટ કરી શકતા નથી અને આ બાજુ આદિત્ય તેજપુંજ રવિ-સૂર્ય તેનું એક કિરણ પણ રાત્રિના અંધકારને હટાવવા માટે બસ છે. હે પ્રભુ ! તું દેવ નહિ પણ દેવાધિદેવ છે. કોઈ દેવ (કે ધર્મ ઉપદેશક) તારી તોલે આવી શકે તેમ નથી. ક્યાં તેજપુંજ સૂર્ય અને ક્યાં નિસ્તેજ ટમટમતા તારલા ! ક્યાં વીતરાગ સર્વજ્ઞ દેવ અને ક્યાં સેંકડો સરાગી-લૌકિક દેવો !

'જેવી ભાવના એવી સિદ્ધિ' એ ઉક્તિ પ્રમાણે જેટલા પર-કલ્યાણ કરવાના ઉત્તમભાવ હોય તેટલા અતિશયો અને ભવ્ય સિદ્ધિઓ પ્રગટ થાય. પ્રભુએ નિષ્કારણ કરુણાશીલતાથી જગતનું કલ્યાણ થાય અને જગત દુઃખમાંથી મુક્ત થાય તેવા ઉત્તમ ઉપાય દર્શાવ્યા. પરિણામે એવો જ ઉત્તમ વૈભવ તેમને પ્રાપ્ત થયો. કોઈ પણ ભાવ નિષ્ફળ નથી. શુભ ભાવનું ફળ શુભ, અશુભ ભાવનું ફળ અશુભ અને શુદ્ધ ભાવનું ફળ શુદ્ધ હોય છે. પ્રભુએ આખા જગતના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાના ભાવ સેવ્યા તેથી તેમને કેવળજ્ઞાનરૂપી સૂર્ય સમાન તેજ તથા અતિશયોરૂપી વૈભવ મળ્યા.

આકાશમાં રહેલા તારા અને ગ્રહોના સમૂહોનો એકત્રિત પ્રકાશ પણ રાત્રિના અંધકારને દૂર કરી શકતો નથી, પણ સૂર્યની માત્ર ઉષા (પ્રભા, પ્રકાશ, કિરણો) પ્રગટતા જ અંધકાર દૂર થાય છે. તે ન્યાયે, વિશ્વમાં તારામંડળ સમાન ઓછા (કે વિપરીત) જ્ઞાનવાળા તો ઘણા મત રહેલા છે. સિદ્ધાંતમાં અન્ય દર્શનીઓના ૩૬૩ મત બતાવ્યા છે, પરંતુ તે જીવોના અનાદિના મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી ભાવ અંધકારને સંપૂર્ણપણે દૂર કરવા સમર્થ નથી. સૂર્ય સમાન એક માત્ર તીર્થંકર પરમાત્મા જ તેને પરિપૂર્ણ દૂર કરવા સમર્થ છે (ઉત્કૃષ્ટ પ્રબળ નિમિત્ત અપેક્ષાએ સમજવું). આ રીતે અતિશયોના ૧૦ શ્લોકો (૨૮-૩૭)ના સુંદર ઉપસંહાર રૂપે પ્રભુનું અને પ્રભુના વીતરાગમાર્ગનું અનન્યપણું દર્શાવ્યું.

રાતના તારા ગમે તેવા પ્રકાશે પણ કાંઈ તેનો પ્રકાશ રાતનું અંધારું મટાડીને દિવસ ન બનાવી શકે. તેમ મિથ્યાત્વરૂપી રાતમાં રહેલા અજ્ઞાની જીવો- કુદેવો ગમે તેટલો બાહ્ય વિકાસ કરે તો પણ હે પ્રભુ ! તેને આપના જેવી વીતરાગતા અને જ્ઞાનપ્રકાશ તો દૂર રહો પરંતુ આપના જેવી બાહ્ય વિભૂતિ પણ હોતી નથી. અહા ! હજાર આરાથી ચમકતું એ ધર્મચક્ર, રત્નજડિત એ માનસ્તંભો, ઈચ્છા વગર નીકળતી એ નિરાક્ષરી દિવ્યવાણી, એ આશ્ચર્યકારક ભામંડળ, આકાશમાં સુવર્ણકમળ રચના, ઈન્દ્ર દ્વારા પૂજ્યતા - આવો આશ્ચર્યકારી વૈભવ હે દેવ ! જેવો આપને થયો તેવો બીજા કોઈને થતો નથી. સૂરજ ઊગે ત્યાં તારા-ગ્રહો-નક્ષત્રોના તેજ ઢંકાઈ જાય ને તે દેખાતા પણ બંધ થઈ જાય, તેમ અમારા અંતરમાં જ્યાં સર્વજ્ઞદેવરૂપી સૂર્યનો પ્રકાશ થયો ત્યાં કુદેવરૂપી તારલાના તેજ હણાઈ ગયા. પ્રભો ! હવે અમને તે કોઈ દેખાતા નથી. અમારા પરમ ઈષ્ટ સાચા દેવ તો એક આપ જ છો. સર્વજ્ઞ અને વીતરાગ એવા આપના સિવાય બીજા કોઈ દેવને અમારા અંતરમાં સ્થાન નથી. પ્રભો, આપના દિવ્ય વૈભવના આશ્ચર્ય કરતા ય, અમને તો તે વૈભવની વચ્ચે પણ આપની વીતરાગતા વધુ આશ્ચર્ય ઉપજાવે છે ! કોઈ દેવ વિક્રિયા વડે કદાચ સમવસરણની માયાવી રચના દેખાડવા માગે તો પણ હે પ્રભો ! જેવો અચિંત્ય પ્રભાવ આપનામાં છે તેના લાખમાં ભાગનો ય પ્રભાવ તેમાં આવી શકતો નથી. આપની પાસે તો સાક્ષાત્ ઈન્દ્ર આવીને નમે

છે, માયાચારી રચનામાં તે ક્યાંથી હોય ? જેને આવી બાહ્યવિભૂતિનો વિશ્વાસ ન બેસે એને સર્વજ્ઞતા ને વીતરાગરૂપ અંતરંગ વૈભવ તો ક્યાંથી સમજાય ?

તીર્થંકર ભગવાનને પહેલા સાધક દશામાં જે રાગથી આ તીર્થંકર પ્રકૃતિ વગેરે ઉત્તમ પુણ્ય બંધાયા, તે રાગનોય તે વખતે તેમને આદરભાવ (રુચિ, પ્રીતિ) ન હતો અને હવે સર્વજ્ઞ થયા પછી તે પુણ્યના ફળ પાક્યા તેમાં પણ પ્રભુને લેશમાત્ર રાગ થતો નથી. જેને રાગનો આદર (રાગનો રાગ) હોય તેને તો આવા ઉત્તમ પુણ્ય બંધાય જ નહિ. અનંત ચતુષ્ટયરૂપ ચૈતન્યવૈભવની સાથે સાથે બહારમાં તીર્થંકર પદની વિભૂતિ તો તીર્થંકર ભગવંતોને જ હોય. બીજા સામાન્ય કેવળજ્ઞાની (મૂક કેવળી, કે જે જાહેરમાં ઉપદેશ ન આપે, પણ વ્યક્તિગત ભવ્ય જીવના સંદેહ ભાંગે) ભગવંતોને જો કે અંતરનો ચૈતન્ય વૈભવ તો તીર્થંકર પ્રભુ જેવો જ હોય છે, પણ બહારનો વૈભવ (અતિશયો વગેરે) હોતો નથી. જગતમાં સૌથી વધુ આશ્ચર્ય તો આત્માનો સુખ-આનંદ સ્વભાવ અને તેની અનુભૂતિ છે. તે સ્વભાવ, હે દેવ ! આપે પ્રગટ કરેલ છે. આવા આશ્ચર્યકારી આપને ઓળખીને જે સમ્યક્ સ્તુતિ કરે તેની બહારની બેડી-તાળા તો ઠીક પણ ભવની બેડી (ભવભ્રમણ, ચતુર્ગતિરૂપ સંસાર પરિભ્રમણ) પણ તૂટી જાય, ને તે જીવ આપના જેવો થઈ જાય ! યથા,

- **જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
  **તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**
  (પ્રવચનસાર - ૮૦)
- **જે મનુષ્ય સત્પુરુષોના ચરિત્ર રહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.**
  (મોક્ષમાળા - ૧૦૧)

મહિમા પ્રવાહમાં પ્રાતિહાર્યોની પ્રભુતાનું વર્ણન કર્યા પછી, માનતુંગાચાર્યે અન્ય વિશેષતાઓ પણ વર્ણવેલ છે. એવું લાગે છે કે આ શ્લોક ઉપદેશવિધિના ગુણગાન કરીને મહિમાપ્રવાહને કળશ ચઢાવે છે. હવે આગળના ભયનિવારણ શ્લોકોમાં (૩૮-૪૭) વિષયાંતર થવાનું છે. આ ૩૭માં શ્લોક સુધી પ્રભુના આંતર-બાહ્ય સ્વરૂપને લક્ષ બનાવીને ભક્તિ કરતા કરતા ઋષભદેવ પ્રભુની એક મૂર્તિમંત દિવ્યછબીની સ્થાપના કરી છે. શ્લોકના ભાવોમાં ભગવાનની મૂર્તિના દર્શન થાય છે. તેથી આ શ્લોક પ્રભુ-મહિમા ક્ષેત્રની સીમાંતરેખા છે. આચાર્યશ્રી શાસન, સમાજ અને પરંપરાની વર્તમાન સ્થિતિને પ્રગટ કરે છે. તેથી 'ઇત્થં' (આ પ્રમાણે) માંથી નીકળીને 'અથં' (હવે)માં જવાનો માર્ગ દર્શાવેલ છે.

પૂજ્ય રાકેશભાઈ કહે છે કે અત્યાર સુધી જિનેશ્વર પ્રભુની લોકોત્તર સ્તુતિ હતી. હવે લૌકિક ભયનિવારણ ભક્તિના પરિણામરૂપે દર્શાવે છે. જૈન દર્શનમાં ભક્ત કે ભગવાન કાંઈ ચમત્કાર કરતા નથી, ચમત્કાર તો હૃદયના ભાવપૂર્વકની ભક્તિ દ્વારા થાય છે.

અંતમાં સર્વ જીવો પ્રભુ-ઉપદેશથી બોધ પામે, પરિણમે તથા કલ્યાણમાર્ગે આગળ વધે તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

- **નદિયા ગહરી નાવ પુરાની,**
  **બિન સદ્‌ગુરુ કૌન ઉતારે પાર,**
  **કહે કબીર સદ્‌ગુરુ કો ભજન કર,**
  **ભવસાગર સે ઉતરો પાર.**
- **સંતબીજ પલટે નહીં, ચાહે યુગ બીતે અનંત,**
  **ઊંચનીચ ઘર અવતરે, રહે સંત કા સંત.**
- **કબીરા હરિકે રુઠતે, ગુરુકી શરણમેં જાય,**
  **કહે કબીર ગુરુકે રુઠતે, હરિ નાહિ હોત સહાય.**

# આત્માની અકર્તૃત્વ શક્તિ (૨૧)

**વલભજી હીરજી 'કેવલ'**

આત્મા ત્રણ લોકમાં સૌથી શ્રેષ્ઠ સારભૂત પદાર્થ છે. એક સમયમાં અનંતગુણને અને તેના નિર્મળ પરિણમનને ધારણ કરે એવા અદ્‌ભુત વૈભવવાળો આત્મા છે. અખંડ આત્માના વેદનમાં અનંતા ધર્મોનો-ગુણોનો સ્વાદ આવે છે. તે વેદનમાં જ્ઞાનની સાથે એક અકર્તૃત્વ નામની શક્તિ રહેલી છે. કર્મથી કરવામાં આવેલા જે સમસ્ત પરભાવો છે તેઓ જ્ઞાતાપણાથી જુદા છે એટલે જ્ઞાનસ્વરૂપ આત્મામાં તે પરિણામોનું અકર્તૃત્વ છે. એટલે તેમનું કર્તૃત્વ છોડીને જ્ઞાનમાત્રભાવરૂપે પરિણમે એવી અકર્તૃત્વ શક્તિ આત્મામાં છે, જે રાગના કર્તૃત્વમાં રોકાઈ રહે તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો નથી તેને જ્ઞાન પ્રગટ્યું નથી. જ્ઞાનને અને રાગાદિના કર્તૃત્વને વિરોધ છે.

પૃથકભૂત પરદ્રવ્યનું કર્તૃત્વ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કોઈ પ્રકારે નથી. સ્વભાવથી તો વિકારનું પણ આત્માને અકર્તૃત્વ જ છે. હું કરું છું - એવી મિથ્યા માન્યતાને કારણે અજ્ઞાની પર્યાયમાં વિકારનો કર્તા થાય છે. સ્વસ્વરૂપની સંભાળ કરીને જે સ્વસન્મુખ થઈ નિર્મળરૂપે પરિણમે છે તે જ્ઞાની વિકારનો અકર્તા થઈને જ્ઞાતાદષ્ટાપણે પરિણમે છે.

આઠ કર્મોના નિમિત્તથી થયેલા જેટલા અશુદ્ધ ભાવો છે તે અશુદ્ધભાવો આત્માના શુદ્ધ સ્વભાવનું કાર્ય નથી. આત્મા કર્તા થઈને સમ્યક્ત્વ આદિ નિર્મળ વીતરાગ પરિણામને કરે છે તે નિર્મળ પરિણામમાં વિકારના કર્તૃત્વનો અભાવ છે. આત્મ સ્વભાવની કોઈ શક્તિમાં વિકારનું કર્તૃત્વ નથી. આત્માને પરથી પૃથક્પણું, વિભાવનું વિપરીતપણું તથા હેયપણું અને સ્વભાવનું સામર્થ્ય તથા ઉપાદેયપણું છે. જે અકર્તૃત્વશક્તિવાળા પોતાના આત્મવૈભવને સ્વીકારે તેને પર્યાયમાં વિકારનું અકર્તૃત્વ પ્રગટ થયા વગર રહેશે નહિ. બાહ્યલક્ષે રાગ-દ્વેષની વૃત્તિઓ પર્યાયમાં થાય તે રાગ-દ્વેષનું કર્તૃત્વ સ્વભાવની એકેય શક્તિમાં નથી. પર્યાયમાં જે કર્તૃત્વ છે તે પણ સ્વભાવસન્મુખ થતાં ટળી જાય છે.

સ્વાશ્રિત નિશ્ચય ને પરાશ્રિત વ્યવહાર-સાધકભૂમિકામાં એ બંને એકસાથે છતાં ધર્મીને એકનું કર્તૃત્વ તે બીજાનું નહિ. પરાશ્રિત વ્યવહારમાં એકતા કરે એવો આત્માના કોઈ ગુણનો સ્વભાવ નથી. આહારકશરીર કે તીર્થંકર પ્રકૃતિ બંધાય એવા પરિણામ મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં હોતા નથી, સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં હોય છે, પણ સમ્યગ્દૃષ્ટિને તેનું કર્તૃત્વ હોતું નથી. આત્માના સ્વભાવને સાધ્યો ત્યાં વિકારનું કર્તૃત્વ રહે નહિ. આત્માની સન્મુખ થઈને તેને સાધતા જ્ઞાતાપરિણામ થયા ને ત્યાં રાગાદિ પરિણામને પર તરીકે જાણ્યા, તેનું કર્તૃત્વ ન રહ્યું.

આત્માની એક્કે શક્તિમાં બાર અંગનો સાર ભર્યો છે, સ્વ શક્તિની સન્મુખ થઈને પરિણમવું - તેમાં જિનવાણીનો સાર સમાઈ જાય છે. **(ક્રમશઃ)**

• • •

- **અધિક કિંમતી હીરાથી પણ**
  **સંતજનોના સમજો બોલ,**
  **મૂલ્ય ચૂકવી નથી શકાતું,**
  **વચન ગુરુના છે અનમોલ.**
- **રામ તજૂં મૈ ગુરુ ના બિસારું,**
  **ગુરુ કે સમ હરિકો ન નિહારું,**
  **હરિને જન્મ દિયો જગમાંહિ,**
  **ગુરુને આવાગમન છુડાઈ.**

# મોક્ષમાર્ગમાં સત્‌પુરુષો દીવાદાંડી સમાન છે

**ગુણવંત બરવાળિયા**

જ્ઞાનપ્રાપ્તિના બે નિમિત્ત છે - એક શાસ્ત્રના ગ્રંથો અને બીજા સત્‌પુરુષ. અધ્યાત્મનો સાચો માર્ગ તો શાસ્ત્રમાં પડ્યો છે, પરંતુ તેનો મર્મ સત્‌પુરુષના અંતરમાં છે. અનાદિકાળનું આપણું અજ્ઞાન શાસ્ત્રના મર્મ સુધી પહોંચવા દેતું નથી. જ્ઞાની પાસેથી શાસ્ત્ર સમજવાની દૃષ્ટિ મળે ત્યારે જ શાસ્ત્ર ઉપકારી થાય છે. સદ્‌ગુરુ કે સત્‌પુરુષના સમાગમ વિના આપણી પ્રવૃત્તિ સ્વચ્છંદી બની જાય છે. બાહ્યધર્મમાં સાધનાવાળી પ્રવૃત્તિ થતી હોય છે, પરંતુ અંતર્મુખતાની ભૂમિકા સર્જાતી નથી. મુક્તિપંથની પ્રાપ્તિનું પ્રબળ કારણ પ્રત્યક્ષ સદ્‌ગુરુનો સમાગમ છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી સત્‌પુરુષની વાણી અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે. સત્‌પુરુષના એક એક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે. પૂર્વે થયેલાં જ્ઞાની અને તેના વચનરૂપ શાસ્ત્રગ્રંથો કરતાં પ્રત્યક્ષ સત્‌પુરુષ ઉપકારી છે. પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાની પુરુષો જોકે મહાજ્ઞાની હતા પરંતુ તેથી આપણા વર્તમાનના દોષો ટળે નહિ. વર્તમાનમાં આપણા જીવનમાં જો કષાયભાવ હોય તો પૂર્વેના જ્ઞાની આપણને કહેવા આવે નહિ કે, 'તું કષાય-વિભાવમાં છે તેને છોડ.' પરંતુ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષો હાલમાં જે બિરાજમાન હોય તે જ આપણા દોષોને કઢાવી શકે. આમ, સત્‌પુરુષ મુક્તિપંથ-મોક્ષમાર્ગમાં દીવાદાંડી સમાન છે. તેઓ આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે.

સત્‌પુરુષો જીવનમુક્ત છે. જીવનમુક્તનો અર્થ છે કે જેણે પોતાના જીવનમાં જાગૃતિપૂર્વક મૃત્યુને જાણ્યું છે અથવા જીવનથી જે મુક્ત થઈ ગયા છે. જીવનથી તે જ મુક્ત થઈ શકે કે જેણે જાણી લીધું છે કે સમસ્ત જીવન મૃત્યુ છે. જેને આપણે જીવન કહીએ છીએ, જ્ઞાનીજનો તેને મૃત્યુની દીર્ઘ યાત્રા ગણે છે, હકીકતમાં મૃત્યુની એક લાંબી પ્રક્રિયા ગણે છે. જન્મ પછી આપણે બીજું કાંઈ કરીએ કે ન કરીએ પરંતુ મૃત્યુ તરફની અવિરત યાત્રા તો નિશ્ચિતપણે કરીએ જ છીએ. અન્યના મૃત્યુ જોનારા આપણે આપણા મૃત્યુની કલ્પના પણ નથી કરતાં, પરંતુ જીવનને જે મૃત્યુની લાંબી પ્રક્રિયારૂપ જોઈ લે છે, તે જીવતા જીવ પોતાના મૃત્યુનો સાક્ષી બની જાય છે. એટલે જીવતા જીવ પોતાના મૃત્યુની અનુભૂતિ કરી લે છે. સત્‌પુરુષો કહે છે કે આ અનુભવ પછી જીવનમાં વાસના રહેશે નહિ. ચોરી, જૂઠ, હિંસા કે કષાયો જીવનમાં રહેશે નહિ. કારણ કે અહીં જિજીવિષાનો દ્વદ્વ પૂરો થાય છે. મહાત્મા બુદ્ધ કહે છે કે જેના જીવનમાંથી જિજીવિષા ચાલી ગઈ તે જીવનમુક્ત બની ગયો. તે મૃત્યુનો સહજતાથી સ્વીકાર કરી શકશે. આ વિષાદની વાત નથી. જીવનની પ્રસન્નતાના સ્ફુલિંગો ખીલેલી વસંતના પતંગિયાની જેમ ઉડાઉડ કરતા હશે. જીવનનો નિર્દોષ આનંદ માણતા હશે. આવા જીવનમુક્ત, આપણી જેમ ખાતા-પીતા ઉઠતા-બેસતા બધી સામાન્યક્રિયા કરી જીવતા હોવા છતાં તેનું જીવન ગુણાત્મક રીતે પરિવર્તિત થઈ ગયું હોય છે.

સત્‌ધર્મના મારગની વાતો ભલે આપણે જીભને ટોડલે ટીંગાડી રાખી હોય પરંતુ એ વચનો અને વિચારો આચરણમાં ઉતરે તો જ સાર્થક થાય છે. સદ્‌ગુરુના યોગે જે સમ્યક્ પુરુષાર્થની પ્રેરણા મળતા એ પ્રવૃત્તિનું જીવનમાં અવતરણ થાય તે જ આપણા માટે કલ્યાણકારી છે. જેનો આત્મોપયોગ જ અટલ છે એવા આત્મજ્ઞાનીની અપૂર્વ વાણી (અનુભવ પ્રધાન વચન) હોય છે.

આ સકળ વિશ્વમાં શોધ કરવા લાયક જો કાંઈ હોય તો તે સત્પુરુષ જ છે. નિજ સ્વરૂપની પ્રાપ્તિ માટે કંઈ શોધ કરવી છે, તો માત્ર સત્પુરુષની જ શોધ કરી લે અને એના ચરણે સમર્પિત થઈ જા, તેની આજ્ઞામાં ચાલ્યો જા. સફળતા નિશ્ચિત છે. તેણે નિર્દેશેલા પંથે જા, મુક્તિનો માર્ગ તારી રાહ જુએ છે. કર્મોથી મુક્તિ મેળવવાનો પંથ બતાવે તે જ સાચા સંત છે. આવા સત્પુરુષની કૃપાથી જ આપણામાં પરિવર્તન આવી શકે છે. આપણા બદલી જવાથી જગત બદલાઈ જવાનું નથી. જગત તો એ જ રહેવાનું છે, પરંતુ આપણું નિજી ભાવજગત, આપણો સંસાર બદલાઈ જવાનો છે.

આપણા ઘરના આંગણાનો બગીચો બગીચો જ રહેવાનો છે, પણ સત્પુરુષની પ્રેરણાથી જોવાની દૃષ્ટિ બદલાઈ જશે. એ બગીચો 'મારો' નહિ રહે. મારું મમત્વ, મારો રાગ એ જ મારી પીડા અને મારું દુઃખ હતું. બગીચા અને મારી વચ્ચે મમત્વબુદ્ધિ હતી. જ્યારે જ્યારે બગીચો જોઉં ત્યારે એ 'મારો છે' એ જાગૃત વિચાર રહ્યા કરતો. સત્પુરુષ પ્રેરિત સાક્ષીભાવથી મમત્વ ઘટતાં બાગનું સૌંદર્ય પૂર્ણ રીતે ખીલી ઉઠે છે. ખરેખર સત્પુરુષો મોક્ષમાર્ગમાં દીવાદાંડી સમાન છે. ■ ■ ■

---

## દર્શનસ્તુતિ

**(પાના નં. ૧૭ પરથી ચાલુ...)**

સ્થિરતા પ્રગટવાથી અંશે ચારિત્ર પ્રગટે છે. યથા :

- તે ત્રણે અભેદ પરિણામથી રે,
  જ્યારે વર્તે તે આત્મારૂપ, મૂળ મારગ.
  તેહ મારગ જિનનો પામિયો રે,
  કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ મારગ.

**– શ્રીમદ્ રાજચંદ્ર**

સાધકની આ દશાને મોક્ષમાર્ગમાં ચતુર્થ ગુણસ્થાન કહેવાય છે. તેઓને અવિરત સમ્યક્દૃષ્ટિ મહાત્મા કહીએ છીએ. તેમની સમતા વિષે કહે છે :

- અહો ! સમદૃષ્ટિ જીવડા, કરે કુટુંબ પ્રતિપાળ;
  અંતર્ગત ન્યારો રહે, જિમ ધાવ ખિલાવે બાળ.

**– બૃહદ્ આલોચના**

સંસારનો કિનારો જેનો નજીક છે એવા ઉપરોક્ત જ્ઞાની, મહાત્મા ક્રમે કરીને વિશેષ સંયમ ગ્રહણ કરી મુનિપદ પ્રગટવી, શ્રેણી ચઢીને કેવળજ્ઞાન પ્રગટાવી અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ અને અનંત વીર્ય-સ્વઅનંત ચતુષ્ટયમાં સ્થિત થઈ જાય છે તથા દેહાયુષ પૂર્ણ થતાં સિદ્ધલોકમાં બિરાજમાન થઈ અનંતકાળ સુધી અનંત સુખ ભોગવે છે; જે આ મનુષ્યભવનું અંતિમ ધ્યેય છે.

- મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
  સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
  અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
  પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો.
  અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
- તારા દર્શનથી જિનરાજ રે,
  મોક્ષ દુર્લભ તોયે થાય રે,
  મનનો મિથ્યાત્વમળ જો જાય રે,
  તો તો મોક્ષ સમીપ ભળાય રે.


**– શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ**

● ● ●


**ગુરુ માહાત્મ્ય**

**ઝળતો બળતો આત્મા, સંત સરોવર જાય,**
**સત્સંગરૂપી લહેરમાં, તરત શીતળ થાય.**

**ગુરુની મૌન વાણીથી, ધોવાય શિષ્યનાં ઉર,**
**પ્રકાશે અંગે અંગોમાં, આત્મજ્ઞાન તણું નૂર.**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## જે થાય તે સારા માટે...

એક હતો રાજા. એને શિકારનો બહુ શોખ.

એક વાર તે પ્રધાન સાથે જંગલમાં શિકાર કરવા ગયો.

શિકાર કરતાં અચાનક પોતાના શસ્ત્રથી રાજાની પોતાની જ આંગળી કપાઈ ગઈ. રાજાના મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ.

પ્રધાને કહ્યું, "જે થાય તે સારા માટે. કપાયેલી આંગળી ફરી ઊગવાની નથી. એના માટે શોક કરવો નકામો છે. રાજન ! આપની તો માત્ર આંગળી કપાઈ અને આપ આટલી બૂમો પાડી રહ્યા છો, તો શિકારમાં જે હરણાઓનાં માથાં કપાઈ જતાં હશે તેમને કેવી પીડા થતી હશે ? આ જગતમાં જે કાંઈ બને તે સારા માટે જ બને છે. ભલે આપણને ખરાબ લાગતું હોય, પણ જીવનના વિશાળ ફલકમાં તેનો પણ કોઈ ચોક્કસ હેતુ હોય છે. માટે જે થાય તે સારા માટે એમ વિચારશો તો દુઃખ, એ દુઃખ નહિ લાગે."

પ્રધાનની આ વાત સાંભળતાં જ રાજાનો પિત્તો ફાટ્યો, "ઓ બેવકૂફ ! જરા સંભાળીને બોલ. આંગળી કપાઈ તેના પર આશ્વાસન આપવું તો દૂર રહ્યું પણ તું તો લાંબોલચ ઉપદેશ ઝાડે છે. મગજ તો ઠેકાણે છે કે નહિ ? જા... નીકળી જા... મારી નજરમાંથી. આજથી હું તને પ્રધાનપદેથી બરતરફ કરું છું, એટલું જ નહિ, પણ મારા દેશમાંથી પણ તને બહાર કાઢું છું."

'જી... મહારાજ !' કહીને પ્રધાને ચાલતી પકડી. પણ રાજાના દેશમાંથી બહાર ન ગયો. કોઈ એક ગામમાં તે છુપાઈને રહ્યો. તેને પાકી ખાતરી હતી કે રાજા એક દિવસ પસ્તાવો કરશે અને તેને બોલાવશે.

આ બાજુ પ્રધાન વિના રાજા એકલો થઈ ગયો. તે એકલો જ જ્યારે નગર તરફ આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં લૂંટારાઓએ ત્રાડ પાડતાં કહ્યું, "એઈ ! ઊભો રહેજે. નહિ તો તારી ડોક આ તલવારથી હમણાં જ કપાઈ જશે." લૂંટારાઓએ તેના હાથ-પગ બાંધ્યા અને પોતાની પલ્લી (જંગલમાં ચોરોનું રહેઠાણ)માં લઈ ગયા.

ત્યાં લૂંટારાઓના સરદારે હવન માંડ્યો હતો. તેમાં એક પુરુષનું બલિદાન આપવાનું હતું.

હવનમાં બલિદાન માટે આ રાજાને હાજર કરવામાં આવ્યો. યજ્ઞની વિધિ કરનાર પુરોહિતે રાજાને ધારીધારીને જોયો. અચાનક એનો ચહેરો ગમગીન બની ગયો. એ બોલ્યો, "આ પુરુષ બલિદાનમાં કામ નહિ આવી શકે. કારણ આની ટચલી આંગળી તૂટેલી છે. અહીં તો અખંડ અંગવાળો પુરુષ જોઈએ. આ નકામો છે. આને છોડી મૂકો."

રાજાને તરત જ છૂટો કરવામાં આવ્યો. રાજા વિચારવા લાગ્યો : "જો આંગળી ન કપાઈ હોત તો આજે હું આખો ને આખો કપાઈ જાત, બલિનો બકરો બની જાત. ખરેખર કુદરતના દરબારમાં જે કાંઈ થાય છે તે સારા માટે થાય છે. બિચારા પ્રધાનને મેં નકામો હાંકી કાઢ્યો. મારે તેને બોલાવવો જોઈએ. તેનું સન્માન કરવું જોઈએ."

નગરમાં આવીને રાજાએ તરત જ પ્રધાનની તપાસ કરાવી. સદ્ભાગ્યે પ્રધાન તરત જ મળી ગયા. રાજાએ માફી માંગી અને ફરી તેને પ્રધાન બનાવ્યા.

ઘણું-ઘણું માન આપ્યું ને ઇનામ પણ આપ્યું.

**સાર :** આપણા જીવનમાં ઘણીવાર વિષમ પ્રસંગો બની જતા હોય છે, તે વખતે આપણે એકદમ બેબાકળા બની જઈએ છીએ. પણ આ કથા કહે છે કે જીવનના ગમે તેવા અણગમતા પ્રસંગોમાં પણ તમારી માનસિક સમતુલા ગુમાવો નહિ. સંભવ છે કે અણગમતો આ પ્રસંગ જ તમારા મનગમતા કાર્યનું દ્વાર ખોલી આપે. સંભવ છે કે એ જ સફળતાનું સોપાન બની જાય. સંભવ છે કે જીવનનું ટર્નિંગ પોઇન્ટ, નવી જીવનદિશા એનાથી જ મળી જાય.

અગમ્ય છે આ જીવન ! ગૂઢ છે એનાં રહસ્યો ! એ રહસ્યોને પામવા માટે પર્વત જેવી સ્થિરતા જોઈએ. ઉતાવળ ન ચાલે.

'જે બને તે સારા માટે' આટલું જ સૂત્ર જો આપણે ચિત્તમાં અંકિત કરી દઈએ તો જીવનનો કોઈ પણ પ્રસંગ આપણને અસ્વસ્થ તો ન જ બનાવી શકે.

## પોપટની મુક્તિ

'ધર્મલાભ..' રૂપાની ઘંટડી જેવો મુનિરાજનો મધુર અવાજ સંભળાયો અને ઘરમાં રહેલા સૌ રાજીરેડ થઈ ગયા.

ઘરમાં રહેલા સૌ કોઈની જેમ પાંજરે પૂરાયેલો પોપટ પણ આનંદથી ઝૂમી ઊઠ્યો.

પોપટે વિચાર્યું કે ઘણા સમયથી હું પાંજરામાં પૂરાયેલો છું. નીલ-ગગનમાં ઉડતા મારા સાથીઓને જોઉં છું અને વિહ્વળ બની જાઉં છું. પાંજરામાં ભલે મને સમયસર સારામાં સારો આહાર મળે, પણ પરાધીનતાનું કેટલું દુઃખ ! સ્વાધીનતા વિના સુખ કેવું ? પણ આ પાંજરામાંથી મુક્તિ મળે શી રીતે ? આ મુનિરાજને પૂછી જોઉં.

મુનિરાજ ગોચરી વહોરીને જ્યારે પાછા વળી રહ્યા હતા ત્યારે પોપટે કહ્યું, ''મુનિરાજ ! મારી મુક્તિનો ઉપાય શું ? તમારા ગુરુદેવને પૂછી આવશો ? આવતીકાલે પૂછીને જરૂર જણાવજો, જણાવશો ને ?''

''હા... હા... જણાવીશ. અમે તો મુક્તિના ઉપદેશક છીએ. તારી મુક્તિનો ઉપાય જરૂર પૂછી આવીશ.''

મુનિરાજ આવું કહીને ઉપાશ્રયે ગયા. ગુરુદેવને પૂછ્યું, ''ગુરુદેવ ! પોપટે આપની પાસેથી મુક્તિનો ઉપાય પૂછ્યો છે.''

આ સાંભળતાં જ ગુરુદેવ બેહોશ બનીને ઢળી પડ્યા. સૌ ગભરાઈ ઊઠ્યા. ઠંડા ઉપચારો કરવામાં આવ્યા. કેટલીક વારે ગુરુદેવ ભાનમાં આવ્યા. પણ હવે પેલા મુનિરાજ સવાલ પૂછવાની હિંમત કરી શકતા નથી. બીજીવાર પૂછું અને બીજીવાર ગુરુદેવ બેહોશ થઈ જાય તો ? આવા વિચારથી ફરી પોપટનો સવાલ પૂછ્યો નહિ.

બીજે દિવસે તે મુનિ તે જ ઘરે ગોચરી વહોરવા ગયા ત્યારે પોપટે પૂછ્યું, ''કેમ મુનિરાજ ! મારા સવાલનો જવાબ લાવ્યા ?''

''અરે ! તારા સવાલે તો ધમાલ મચાવી દીધી. મેં ગઈ કાલે જતાંની સાથે જ ગુરુદેવને એ સવાલ પૂછ્યો ને તરત જ તેઓ બેહોશ બનીને ઢળી પડ્યા. જો કે થોડી વારમાં ભાન આવી ગયું, પણ બીજી વાર પૂછવાની મારી હિંમત ન ચાલી.''

આ સાંભળતાં જ પોપટનું મુખ આનંદથી હસી ઊઠ્યું. તેણે કહ્યું, ''મહારાજ ! મારો જવાબ મને મળી ગયો છે. આપ હવે ખુશીથી પધારો. આપનો મોટો આભાર !''

પોપટે ત્યારે વિચાર્યું કે બેહોશ થઈ ગયેલા ગુરુદેવે સાનમાં સમજાવ્યું છે કે મુક્ત થવું હોય તો તું બેહોશ થઈ જા. મરેલા જેવો થઈ જા. જો તું આમ કરીશ તો તારી મુક્તિ થઈ જશે.

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

# જીવનદીપ : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૪**

(૧) કવર સાથે **'જીવનદીપ'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૭/- (સાત રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૩૦-૯-૨૦૧૭ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩, ૭૬૯૮૭૫૭૩૧૯**

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? _______હા/_______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોનઃ ______________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

## BANGLORE

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

## CHENNAI

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

## HIMATNAGAR

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

## KOLKATA

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

## LAXMIPURA

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

## LIMBDI

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

## PUNE

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

## RAJKOT

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

## RAKHIYAL

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

## SURENDRANAGAR

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

## VADODARA

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

### U. K. (0044)

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
Ph. 208-954-9632, 192-324-9898
M. 0044-796-972-2109

### U.S.A. (001)

4. Mr. Prafulbhai Lakhani
Ph. 631-423-9647, (O) 516-679-1200
M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
Ph. 714-389-3672

### KENYA

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

### CANADA (Toronto)

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૮-૮-૨૦૧૭ થી ૨૫-૮-૨૦૧૭ | શ્રાવણ વદ અગિયારસ ભાદરવા સુદ ચોથ | શુક્રવાર થી શુક્રવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૨૬-૮-૨૦૧૭ થી ૫-૯-૨૦૧૭ | ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શનિવાર થી મંગળવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૬-૧૦-૨૦૧૭ | આસો વદ એકમ | શુક્રવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન અને પૂ. લઘુરાજસ્વામીજીનો જન્મમંગલદિન |
| ૧૭-૧૦-૨૦૧૭થી ૨૦-૧૦-૨૦૧૭ | આસો વદ તેરસ થી કારતક સુદ એકમ | મંગળવારથી શુક્રવાર | શ્રી દીપાવલી આરાધના પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૭ | કારતક સુદ પાંચમ | બુધવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૩-૧૧-૨૦૧૭ થી ૫-૧૧-૨૦૧૭ | કારતક સુદ ચૌદસથી કારતક વદ એકમ | શુક્રવારથી રવિવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ નિમિત્તે શિબિર |
| ૧-૧૨-૨૦૧૭ થી ૩-૧૨-૨૦૧૭ | | શુક્રવાર થી રવિવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |
| ૨૪-૧૨-૨૦૧૭થી ૨૬-૧૨-૨૦૧૭ | | રવિવાર થી મંગળવાર | યુવાશિબિર |

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

અષાઢી બીજ તા. ૨૫-૬-૨૦૧૭ના રોજ સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ ઉલ્લાસમય ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો. સવારે જિનાભિષેક, શાંતિધારા, પૂજા, શાંતિપાઠ, આરતી બાદ ભક્તિભાવપૂર્વક જિનમંદિરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા (મુંબઈ) પરિવારના સભ્યો શ્રી સમીરભાઈ, શ્રી સુવાસભાઈ, શ્રી સનયભાઈ, આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર (અમદાવાદ) દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું.

રાજકોટથી ખાસ પધારેલા કૃપાળુદેવના પરમ ભક્ત, પ્રજ્ઞાવંત આદ. શ્રી સુધીરભાઈ મહેતાએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત શ્રી વ્યાખ્યાનસાર-૧ના આધારે સમ્યક્ત્વના લક્ષણો (શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા) અંગે અનેક દૃષ્ટાંત સહ ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યો. પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે સુખી થવાનો માર્ગ જ્ઞાનીપુરુષોએ જાણ્યો, આરાધ્યો અને અંતે અનંત શાશ્વત

સુખની પ્રાપ્તિ કરી. જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. શ્રાવકના કર્તવ્યો (દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ, દાન) નિષ્કામભાવે હૃદયની સરળતાપૂર્વક કરવામાં આવે તો તે શ્રાવક ક્રમે કરીને મુક્તિને પ્રાપ્ત કરે છે. આત્મા પરવસ્તુના રાગથી છૂટો પડે અને આત્મસ્વરૂપ પ્રત્યે વળે - તે આપણું ધ્યેય છે.

આ પ્રસંગે આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## છાશકેન્દ્ર અને ચોપડા વિતરણના કાર્યનું સમાપન

આ વર્ષે શ્રી પ્રભુ-ગુરુની અસીમ કૃપાથી અને પૂજ્યશ્રીના આશીર્વાદથી તેમજ સર્વે દાતાઓ, મુમુક્ષુઓના સહયોગથી સંસ્થા દ્વારા ૬ ગામોમાં છાશકેન્દ્રો શરૂ કરેલ; જે ૬૫ દિવસ સુધી ચાલુ રહ્યા હતા. આ કાર્યનું ખૂબ સફળતાપૂર્વકનું આયોજન થયું હતું અને ખૂબ જ સારી રીતે સંપન્ન થયેલ છે.

આ શૈક્ષણિક વર્ષ દરમિયાન કુલ ૨૫,૦૦૦ ફૂલસ્કેપ ચોપડા છપાવ્યા હતા, જે વિદ્યાર્થીઓને રાહત દરે વેચાણથી આપેલ છે. આ કાર્ય પણ પ્રભુ-ગુરુની કૃપાથી સંપન્ન થયેલ છે.

આ બંને કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ સર્વે દાતાઓ, મુમુક્ષુઓ, સેવકો અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને આવા કાર્યો વર્ષો-વર્ષ આ રીતે અવિરતપણે ચાલતા રહે અને સર્વેનો સહકાર પ્રાપ્ત થતો રહે એ ભાવના સાથે... સૌને જય પ્રભુ... જય સદ્‌ગુરુવંદન...

**વિશેષ આભાર :**

શ્રી રામજીભાઈ ચૌધરી (મંડાલીવાળા) – શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
શ્રી જોઈતારામભાઈ પરમાર – શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
શ્રી પ્રેમજીભાઈ ઠાકોર તથા રસોડાના સ્ટાફ – શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
શ્રી કાંતિભાઈ ઠાકોર – શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
શ્રી બદરજીભાઈ (કાકા) ઠાકોર – શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
શ્રી વિષ્ણુભાઈ શકરાભાઈ રાવળ - જૂના કોબા
શ્રી હીરાભાઈ ડાહ્યાભાઈ રાવળ – જૂના કોબા
શ્રી શંકરભાઈ કેશાભાઈ રાવળ – નવા કોબા
શ્રી કનુભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ – નવા કોબા
શ્રી તરૂણભાઈ દિનેશભાઈ વાઘેલા – નવા કોબા
શ્રી રામભાઈ ગગાભાઈ રાવળ (ઓમ શાંતિ) – બોરિયા તલાવડી
શ્રી કાનજીભાઈ ઠાકોર – વાઘોરા તલાવડી
શ્રી ગોપાલજી ભીખાજી ઠાકોર – નભોઈ
શ્રી બાબુજી જેણાજી ઠાકોર - નભોઈ
શ્રી શકરાભાઈ મથુરજી ઠાકોર - નભોઈ

**ચોપડા વિતરણ :** શ્રી નિશાંત ફોફરીયા, શ્રી હરીશભાઈ લાઠિયા, શ્રી કાંતિભાઈ વાઘેલા, શ્રી સંતોષભાઈ રાણા તથા શ્રી નીતાબેન લોઢીયા - શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

## પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતીના ઉપક્રમે સ્મારક સિક્કા તથા ટપાલ ટિકિટનું વિમોચન

સાબરમતી આશ્રમ (ગાંધી આશ્રમ) શતાબ્દી ઉજવણી અને શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતીના ઉપક્રમે તા. ૨૯-૬-૨૦૧૭ના રોજ સાબરમતી આશ્રમ મુકામે ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની પાવન સ્મૃતિમાં સ્મારક સિક્કા તથા ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત, અતિથિવિશેષ તરીકે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તથા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના પૂજ્ય શ્રી રાકેશભાઈનું પાવન સાન્નિધ્ય સૌને સંપ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, અન્ય મંત્રીઓ તથા ગાંધીવિચારના સમર્થકો, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદના પ્રમુખશ્રી અરવિંદભાઈ પી. શાહ અને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના અનુયાયીવર્ગ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે તે રાજભક્તો માટે ગૌરવ અને આનંદનો વિષય છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| ● **જ્ઞાનદાન :** | ૧. શ્રી પ્રકાશભાઈ ચીનુભાઈ શાહ, પાલડી, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/- |
| | ૨. શ્રી મુકેશભાઈ ચંદ્રકાંતભાઈ દોશી, રાજકોટ | રૂ. ૧૦,૦૦૦/- |
| ● **ભોજનાલય :** | શ્રી અજયભાઈ નવીનભાઈ શાહ, મલાડ (વે) મુંબઈ C/o. Royal Synthotics | રૂ. ૨૬,૦૦૦/- |
| ● **ગુરુકુળ :** | શ્રી રાજેન્દ્રભાઈ બી. ભકતા (USA) | $ 15,500/- |
| ● **જીવદયા (સેવાપ્રવૃત્તિ) :** | શ્રી રાજેન્દ્રભાઈ બી. ભકતા (USA) | $ 14,170/- |
| ● **દિવ્યધ્વનિ સહાય :** | રાજેન્દ્રભાઈ બી. ભકતા (USA) | $ 330/- |

## બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ - ૭૫મા વર્ષમાં પદાર્પણ

પૂ. શ્રી ગોકુળભાઈના ધર્મમય જીવનના ૭૫મા વર્ષમાં પદાર્પણના મંગલમય અવસરે તેઓશ્રીના સાત્ત્વિક, સાધનામય જીવનની તથા સ્વાધ્યાય, સત્સંગ દ્વારા અનેક જીવોના જીવન પરિવર્તનના ઉપકારની અનુમોદનાર્થે શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ - વડવા - ઈડર)ના ઉપક્રમે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સૌપ્રથમ સંસ્થાના પ્રમુખશ્રી અરવિંદભાઈ શાહે સૌને આવકાર આપ્યો હતો અને પરિચય આપતાં જણાવ્યું હતું કે પૂ.શ્રી ગોકુળભાઈએ ૨૭ વર્ષની યુવાવયે પૂ. સહજાનંદ વર્ણીજી પાસે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું અને ૩૫ વર્ષે નિવૃત્ત થઈ સાધનાપંથ સ્વીકાર્યો. છેલ્લા ૩૦ વર્ષથી શુદ્ધ આહારથી એકાસણાંનો ક્રમ છે. પૂ. સમંતભદ્ર મુનિરાજ (કુંભોજવાળા) પાસે એકસાથે ૨૨ (બાવીસ) નિયમો અંગીકાર કરીને જીવનને પ્રતિમાબદ્ધ કરેલ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પૂ. સંતશ્રી આત્માનંદજી સાહેબે પૂ. ગોકુળભાઈના ઉપકારની અનુમોદના કરી આશીર્વચન આપ્યા હતા. આદ. ડૉ. કુમારપાળ દેસાઈ, આદ. શ્રી તોમર સાહેબ (બી.એસ.એફ. ગુજરાતના આઈ.જી.), આદ.શ્રી સુનંદાબેન વોહોરા, આદ. બહેનશ્રી શર્મિષ્ઠાબેન સોનેજી, માંડલ પાંજરાપોળના પ્રમુખશ્રી પ્રમોદભાઈ દેસાઈ, ઈડરિયો ગઢ દિગંબર મંદિરના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી શ્રી ગોકુળભાઈના પ્રેરણાત્મક જીવનની પ્રશંસા કરી હતી.

## 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ સભ્યો માટે નમ્ર નિવેદન

પૂજ્ય સંતશ્રી આત્માનંદજીની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલ સંસ્થાનું આધ્યાત્મિક મુખપત્ર 'દિવ્યધ્વનિ' છેલ્લા ૪૦ વર્ષોથી આપને નિયમિતપણે પહોંચાડવા અમો પ્રયત્નશીલ છીએ. 'દિવ્યધ્વનિ'ની સર્વાંગી ગુણવત્તા જાળવી રાખવા અમો ઉદ્યમશીલ છીએ. વર્તમાન સમયમાં કાગળ, ટાઈપસેટિંગ, પ્રિન્ટિંગ વગેરેમાં ભાવવધારો થયેલ છે; જેથી 'દિવ્યધ્વનિ' મોકલવાનો આર્થિકબોજો સંસ્થાએ ઉઠાવવો પડે છે. આ વધારાના ખર્ચને પહોંચી વળવા આપના અમૂલ્ય આર્થિક સહયોગની આવશ્યકતા છે. આપનું નાનકડું યોગદાન પણ અમારા માટે અમૂલ્ય છે. સંસ્થા નીચે મુજબની યોજનાઓ જાહેર કરે છે, જેમાં આપ યથાયોગ્ય સહકાર આપશો તેવી અપેક્ષા રાખીએ છીએ.

૧. 'દિવ્યધ્વનિ' સહાય યોજના :
 ભારતના મુમુક્ષુઓ માટે - રૂ. ૨૦૦૦/- ● વિદેશસ્થિત મુમુક્ષુઓ માટે - રૂ. ૧૦૦ ડૉલર

૨. 'દિવ્યધ્વનિ'ના વિશિષ્ટ સહયોગી દાતા તરીકે રૂા. ૨૧,૦૦૦/-નું આર્થિક યોગદાન આપ આપી શકો છો. સહયોગી દાતાનું નામ 'દિવ્યધ્વનિ'ના ટાઈટલ - ૪ પર છાપવામાં આવે છે.

સંસ્થાને આપવામાં આવતું દાન ૮૦ જી પ્રમાણે કરમુક્તિને પાત્ર છે. આપ આપનો ચેક/ ડ્રાફ્ટ સંસ્થાના ખાતામાં જમા કરાવી શકો છો; જેની માહિતી 'દિવ્યધ્વનિ'ના પા.નં. ૩ પર આપવામાં આવી છે.

**આપનો સહયોગ નીચે પ્રમાણે આપી શકશો :**

૧. ''શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા''ના નામે ચેક/ડ્રાફ્ટ મોકલીને

૨. ભારતના સહયોગી દાતાઓ 'દિવ્યધ્વનિ'ના પા.નં. ૩ પર આપેલ બેંક ડિટેલ્સ પ્રમાણે RTGS કરાવીને.

૩. ભારત સિવાયના સહયોગી દાતાઓ માટે :
 **The Punjab National Bank** • Maskati Market Branch
 Kalupur, Ahmedabad (Gujarat)
 Account No. 0005000100101214 • IFS Code : PUNB0000500
 SHRIMAD RAJCHANDRA ADHYATMIK SADHANA KENDRA

## સંસ્થામાં બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી સાનંદ સંપન્ન

સંસ્થાની વિનંતીને માન આપી બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ તા. ૧૬-૬-૧૭ના રોજ કોબા પધાર્યા હતા. તેઓશ્રીના ૬ દિવસના સાન્નિધ્યમાં પૂજ્યશ્રી તથા સૌ મુમુક્ષુઓને ખૂબ આનંદ આવ્યો હતો. પૂજ્યશ્રી ગોકુળભાઈએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૫૦૬ના આધારે મનનીય સ્વાધ્યાય અંતર્ગત ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ વિષે સૂક્ષ્મ સમજણ આપી હતી તથા બોધ પરિણમવા માટે બાહ્યાભ્યંતર આરંભ - પરિગ્રહના ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## શ્રી રાજકુટિરમાં પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપના

આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં મુમુક્ષુ આદ. શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહના બહેન શ્રીમતી ઉષાબેન નલીનભાઈ કોઠારીના રાજકુટિર નં. ૨૨માં મંગલ પ્રવેશ નિમિત્તે તા. ૧૮-૦૬-૨૦૧૭ના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્યશ્રી ગોકુળભાઈના પાવન સાન્નિધ્યમાં મંત્રજાપ, ભક્તિપદો તથા ચિત્રપટાદિની સ્થાપનાનો કાર્યક્રમ સંપન્ન થયો. મંત્રજાપના ઉચ્ચારથી વાતાવરણ પવિત્ર બની ગયું. ત્યારબાદ કોબાના ભક્તિકારોએ ભાવવાહી ભક્તિ કરાવીને પવિત્રતામાં વધારો કર્યો.

પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્યશ્રી ગોકુળભાઈ, પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે પરમાત્મા તથા પરમકૃપાળુદેવના ચિત્રપટ અને જિનવાણીની સ્થાપના, ૐ તથા સ્વસ્તિકવચનોનું આલેખન કરવામાં આવ્યું. માંગલિક બાદ પૂજ્ય શ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સુંદર ભક્તિના માધ્યમથી સૌના મન પ્રસન્ન અને પવિત્ર બન્યા. શ્રી નલીનભાઈ તથા શ્રીમતી જ્યોતિબેન રાજકુટિરમાં વિશેષ રહીને પોતાના સાધના વધારે તેવી અભ્યર્થના. આ પ્રસંગે શ્રીમતી ઉષાબેન નલીનભાઈ કોઠારી તરફથી સૌને પ્રસાદ તેમજ નાની બેગની પ્રભાવના કરવામાં આવી તથા ભોજનશાળામાં કેરીનો રસ તથા ફરસાણ રાખવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે તેઓના તરફથી સંસ્થાને પાંચ હજાર રૂપિયાનું દાન અર્પણ કરવામાં આવ્યું. શ્રી નલીનભાઈ તથા ઉષાબેનને સાધનાજીવનની સફળતા માટે શુભેચ્છાઓ.

## યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનરહસ્ય અને ધ્યાનશક્તિને દર્શાવતી ડો. કુમારપાળ દેસાઈની 'શ્રી બુદ્ધિસાગરસૂરિ કથા'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તા. ૧૬-૧૭ અને ૧૮મી જૂનના રોજ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની 'શ્રી બુદ્ધિસાગરસૂરિ કથા' યોજવામાં આવી. આ કથામાં ડૉ. કુમારપાળ દેસાઈએ એમની આગવી શૈલીમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિના સમગ્ર જીવનનો હૂબહૂ ચિતાર આપ્યો હતો. વિજાપુરના કણબી પટેલ શિવાભાઈને ત્યાં જન્મેલા બહેચરદાસમાંથી કેવી રીતે કર્મયોગી, ધ્યાનયોગી અને જ્ઞાનયોગી આચાર્ય બુદ્ધિસાગર બન્યા તેના જીવનવિકાસની માર્મિક ગાથા રજૂ કરી હતી. માત્ર ચોવીસ વર્ષના સાધુકાળમાં સાધુજીવનના વ્યવહારો અને ધ્યાનપ્રધાન આત્મસાધનાને અખંડિત રાખી એમણે કુલ ૧૪૦ ગ્રંથો લખ્યા. તત્ત્વજ્ઞાનના ૨૫ ગ્રંથો, સ્તવનો, ઊર્મિગીતો, પ્રકૃતિકાવ્યો, રાષ્ટ્રભક્તિનાં કાવ્યો, કવ્વાલી, ગઝલ, દીર્ઘકાવ્ય અને ભાવિ યુગની કલ્પના કરતાં કાવ્યો આપ્યાં. જૈન એકતા, જૈન યુનિવર્સિટી અને જૈનોની વિદ્યાપ્રગતિ માટે ગુરુકુળો વિશે એમણે ઉપદેશ આપ્યો. આવા આચાર્યશ્રીના જીવનની હૃદયસ્પર્શી કથા અને એમના પ્રચંડ અધ્યાત્મ-પુરુષાર્થને ડૉ. કુમારપાળ દેસાઈએ એમના ત્રણ દિવસના અઢી-અઢી કલાકના પ્રવચનમાં વણી લીધા.

## આપણી સંસ્થામાં પ્રસ્તાવિત 'સાધક નિવાસ'

સૌને વિદિત છે તેમ પરમાત્માની કૃપા, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના આશીર્વાદ અને વાત્સલ્યમૂર્તિ ગુરુદેવ પૂજ્યશ્રી આત્માનંદજીના વિશાળ અને ગુણગ્રાહી અભિગમના ફળસ્વરૂપ આપણી સંસ્થા છેલ્લા ત્રણ દાયકાથી ઉત્તરોત્તર પોતાની સુવાસ ફેલાવી રહી છે અને તીર્થસ્વરૂપે કલ્યાણઇચ્છુક જીવોને માર્ગદર્શક તેમજ સહાયકારી થઈ રહી છે.

છેલ્લા વર્ષોમાં વિવિધ દર્શનો અને વિચારધારાઓને વરેલા અનેક આચાર્યગણ, મુનિગણ, ત્યાગી-વ્રતી સાધકો, બ્રહ્મચારી સાધકો, વિદ્વાનો અને સ્વાધ્યાયકારો વધુ ને વધુ સંખ્યામાં પધારી સંસ્થાને પાવન કરે છે.

તેમના શુભ આગમનથી સંસ્થાના મુખ્ય ઉદ્દેશ એવા 'સ્વ-પર આત્મકલ્યાણ' ને ખૂબ બળ મળે છે. તદુપરાંત તેમના આગમનથી સંસ્થાના બહુઆયામી સેવાપરાયણ અભિગમ અને પૂજ્ય આત્માનંદજીના અદ્વિતીય કરુણાશીલ તેમજ બહુજન હિતાય વ્યક્તિત્વનો લાભ સમાજના અનેક ગચ્છ-મત-સંપ્રદાયથી સંકળાયેલ વર્ગો તેમજ આશ્રમ-સંસ્થાઓ સુધી પહોંચે છે.

આવા સુખદ અનુભવોથી પ્રેરાઈને સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, હિતચિંતકો અને મુમુક્ષુઓએ પ્રવાસી તેમજ નિવાસી સાધકોને રહેવાનું સાનુકૂળ ભવન નિર્માણ કરવાની વાત પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીને કરી. તેમની સંમતિ અને પ્રેરણાથી પ્રસ્તાવિત 'ત્યાગી સાધક નિવાસ' હાલમાં સંતકુટિર ઉપવનની પાછળના ભાગમાં તૈયાર કરવાનો પ્લાન બન્યો છે. (આપ સૌની જાણ માટે તેના અંશો આ સાથે અંકમાં ટાઈટલ પેજ નં. ૩ પર આપેલ છે.) આ પ્લાન અંગે વધુ માહિતી સંસ્થાની વેબસાઈટ : www.shrimadkoba.org પરથી મેળવી શકાશે.

આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે રૂ. ૬૦ લાખ છે. ધર્માત્માઓની સેવાના આ યજ્ઞમાં ઉત્કૃષ્ટ પુણ્યોપાર્જનનું જે નિમિત્ત પ્રાપ્ત થયું છે તેનો લાભ લેવા આપ સૌને વિનંતી છે.

**આ અંગે વિશેષ માહિતી માટે સંપર્કસૂત્રો :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નીતિનભાઈ પારેખ – મુંબઈ | મો. નં. ૦૯૮૨૦૩૨૯૨૭૭ |
| ૨. | શ્રી પ્રકાશભાઈ શાહ – અમદાવાદ | મો. નં. ૯૮૨૪૦૩૪૬૮૦ |
| ૩. | શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી – અમદાવાદ | મો. નં. ૯૮૨૪૦૪૭૬૨૧ |
| ૪. | શ્રી નવીનભાઈ શાહ – મુંબઈ | મો. નં. ૦૯૩૨૨૬૮૬૮૭૧ |
| ૫. | શ્રી શરદભાઈ જસવાણી – મુંબઈ | મો. નં. ૦૯૩૭૬૨૨૨૬૬૭ |
| ૬. | શ્રી વિજયભાઈ પટેલ – મેનેજર, કોબા | મો. નં. ૭૬૯૮૭૫૭૩૧૯ |

- સંસ્થાને આપેલ દાન 80 G નિયમને આધીન કરમુક્ત છે.
- **આપનો ચેક / ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલશો.**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - કોબા. ૩૮૨૦૦૭, જિલ્લો - ગાંધીનગર.

- **BANK DETAILS (Local Donation)**

Name of A/c Holder : SHRIMAD RAJCHANDRA ADHYATMIK SADHANA KENDRA
Name of Bank : KOTAK MAHINDRA BANK
BRANCH : CHANDKHEDA-AHMEDABAD-382424
A/c. No. : 08390020000044 • IFSC CODE : KKBK0000839

- **BANK DETAILS (Foreign Donation)**

Name of A/c holder : SHRIMAD RAJCHANDRA ADHYATMIK SADHANA KENDRA
Name of Bank : PANJAB NATIONAL BANK
BRANCH : REVDI BAZAAR, KALUPUR-AHMEDABAD-380002
A/c. No. : 0005000100101214
IFSC CODE : PINB0000500 • MICR CODE : 380024006


આપે કરેલ Transaction Detail ની જાણ ઈમેલ દ્વારા mail@shrimadkoba.org ને કરશો.

Web : www.shrimadkoba.org • E-mail : mail@shrimadkoba.org

Tel. No. : 23276219 / 23276483 / 84

# સંસ્થામાં પ્રસ્તાવિત 'સાધકનિવાસ'





Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતીના ઉપક્રમે સ્મારક સિક્કા તથા ટપાલ ટિકિટનું વિમોચન (તા. ૨૯-૬-૨૦૧૭)




### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**આદ. શ્રી કુમુદભાઈ એસ. મહેતા, મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૭ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રીમતી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ સોનેજી પરિવાર, ટોરેન્ટો, કેનેડા**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah